
અકલંક ગ્રંથમાળા

પુષ્પ-૧૩૩

# અંબડ આદિ ચરિત્રો



: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

સં. મુનિ અકલંકવિજયજી મહારાજ

# છપાયેલ પુસ્તકોની યાદી


૬૧ નૂતન સ્તવનાવલિ
૬૨ ઉપદેશ સીત્તરી
૬૩ સહસ્રકૂટ નમાવલી
૬૭ જૈન મહાભારત
૬૮ જૈન ઈતિહાસ
૭૧ વસુદેવહિંડી ચરિત્ર
૭૨ સમકિત મૂળ બાર વ્રતની કથાઓ
૭૩ નવસ્મરણ મૂળ
૭૪ નવપદ મહાત્મ્ય
૭૫ લઘુક્ષેત્ર સમાસ સાર્થ
૭૭ સાધુ સાધ્વી આવશ્યક સૂત્રાર્થ
૮૧ નવકારના જાપની નોંધ
૮૨ તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૮૪ ૮૫ ૮૬ જૈન પ્રશ્નોત્તરી ભા. ૧ ૨ ૩
૮૭ બે પ્રતિક્રમણ અને પ્રકીર્ણ સંગ્રહ
૯૧ ૯૨ ચોસઠ પ્રકારી પૂજા સાર્થ ભા. ૧ ૨
૯૩ ૯૪ વિવિધ પૂજા સાર્થ ૧-૨
૯૫ છંદ સ્તવન સજ્ઝાય સંગ્રહ
૯૬ જૈન ધર્મનો પરિચય
૯૭ આગમ સાર
૯૮ પ્રશમરતિ સાર્થ
૧૦૦ સામાયિક ચૈત્યવંદન દેવચંદ્રજી ચોવીશી સાર્થ
૧૦૧ પારસમણિ
૧૦૨ શાન્ત સુધારસ સાર્થ
૧૦૩ જ્ઞાનસાર સાર્થ
૧૦૫ વીતરાગસ્તોત્ર સાર્થ
૧૦૬ બુદ્ધિસાગરસૂરિ જીવન ઝરમર
૧૦૯ ચંદરાજાનું ચરિત્ર
૧૧૨ મેઘમાળા આદિ સંગ્રહ
૧૧૪ દશવૈકાલિક સૂત્રાર્થ
૧૧૫ સ્વાધ્યાય સંગ્રહ
૧૧૬ ભક્તામર કલ્યાણ મંદિર
૧૧૭ જ્ઞાનપૂજાઓ સાર્થ
૧૧૮ ષડ્દ્રવ્યાત્મક જગત્
૧૧૯ ઉપાસક દશાંગ
૧૨૦ જૈન જાગૃતિ
૧૨૧ ઉપદેશ તરંગીણી
૧૨૨ પેથડશા ચરિત્ર
૧૨૪ સાતભવનો સ્નેહ
૧૨૫ ભીમસેન નૃપચરિત્ર
૧૨૬ શ્રી સુર સુંદરી ચરિત્ર
૧૩૧ પ્રભુ શ્રી રાજેન્દ્ર સૂરી
૧૩૨ સુપાર્શ્વનાથ ચરિત્ર
૧૩૩ અંબડ ચરિત્ર
૧૩૪ રાજકુમારી સુદર્શના ચરિત્ર
૧૩૬ સંબોધ સિત્તરી

શ્રી પરમાત્મને નમઃ શ્રી ગુરુભ્યો નમઃ

અકલંક ગ્રંથમાળા પુષ્પ-૧૩૩

# અંબડાદિ ચરિત્ર

સંપાદક
તપસ્વી મુનિશ્રી
અકલંક વિજયજી મહારાજ

— પ્રકાશક —
અકલંક ગ્રંથ માળા
પારી પાનાચંદ વ્રજલાલની ધર્માદાપેઢી
ઠે. હોળી ચકલા, કપડવંજ



# પૂજ્યશ્રીનો પરિચય

મુનિ અકલંકવિજય

જન્મ સ્થળ :

લીંચ જી મહેસાણા

સં. ૧૯૭૦ ફાગણ સુદ ૫

સંસારી નામ

અમૃતલાલ શિવલાલ શાહ

ધાર્મિક શિક્ષક તરીકેનો વ્યવસાય કરીને જ્ઞાન અને તપની પ્રવૃત્તિ દ્વારા સંયમ ભાવનામાં અભિવૃદ્ધિ થતાં પૂ. આચાર્ય શ્રીવિજયભુવનભાનુસૂરીશ્વરજી પાસે સં. ૨૦૩૫ના વૈશાખ સુદ ૩ ના રોજ મલાડ મુકામે દીક્ષા અંગીકાર કરી મુનિ અકલંકવિજય નામાભિધાન પ્રાપ્ત કર્યું.

માનવ અવતારે સિદ્ધક્ષેત્ર જેવા દિવ્ય ધામમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી ૨૦૪૦ વૈશાખ સુ ૩ના રોજ પૂર્ણ કરી. કર્મશાસ્ત્રપારંગત સિદ્ધાંત મહોદધિ સ્વર્ગસ્થ પૂજ્ય આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે ધાર્મિક કર્મગ્રંથ આદિ અભ્યાસ કર્યો.

દીક્ષા પછી રત્નત્રયીની આરાધનામાં ઉદ્યમવંત છે. હાલ વર્ધમાન તપની પુનઃ ૫૫મી ઓળીની આરાધના ચાલે છે. જ્ઞાન, તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું સરળ, સુબોધ ને સુગ્રાહ્ય શૈલીમાં લેખન-સંપાદનના કાર્યમાં પ્રવૃત્તિશીલ એવા મુનિશ્રીને કોટી-કોટી વંદન. પ્રો. વિજય મોદી

# પ્રસ્તાવના

અનેક નય અનેક અપેક્ષા અને અનેક રહસ્યોને પોતાના વિશાળ ઉદરમાં સમાવીને બેઠેલાં જિનશાસનના કિલ્લામાં પ્રવેશ કરવા માટે ચાર દ્વાર સમાન ચાર અનુયોગની વ્યવસ્થા જ્ઞાનીઓ કરી ગયા છે. આ ચાર અનુયોગમાં ૩ અનુયોગની જેમ ચોથા કથાનુયોગની પણ અપેક્ષાએ એ એટલી જ મૂલ્યવાનતા શાસ્ત્રોએ આંકી છે.

કારણકે એ કથાનુયોગના તારકમાધ્યમે ઉપદેશક એના ઉપદેશથી જોરદાર અસર ઉપજાવી શકે છે. અને એટલે જ શાસ્ત્રોએ જ્ઞાતાધર્મકથાને અંગ સૂત્રમા સ્થાન આપ્યું છે. અને કથાનું યોગનું મહત્ત્વ દર્શાવ્યું છે. આવીજ એક કથા એટલે અંબડ ચરિત્ર

આ અંબડ ચરિત્ર અંબડનું સત્વ અંબડની ઉદાર વૃત્તિને પરમાત્મા પ્રીતિનો બોધ કરાવે છે. તો સકલશાસ્ત્રના સારરૂપ સમ્યકત્વની દૃઢતા આપણને સહજતાથી સમજાવે છે.

આ કથાના વાંચનથી જો જીવન સત્વશીલ ઉદાર બને, જો જીવનમાં સમયકત્વની દઢતા જામે તોજ પૂ. મુનિ અકલંક વિજય મહારાજનો આ પ્રશસ્ય પ્રવાસ પૂર્ણતાને પામે બસ આ કથા આપણા જીવનનો થાક ઉતારે આપણા અનંત જન્મોની વ્યથાને હરે અને જે અનાદિના કુસસ્કરની પ્રથા પડી છે. તેના મૂલનો છેદ કરે છેદજ નહિ ઉચ્છેદ કરે અને આપણને નિર્વંદ્ય અને અકબંધ બનાવે અને અંતે પરમાત્મ પદ પમાડે

લિ. મુનિ મુક્તિચંદ્ર વિજય

શ્રી પ્રવચનાય નમ:

# અકલંક ગ્રંથમાળા તરફથી અરજી

શ્રીમાન/મહોદયશ્રી,

અમારી યોજના નીચે મુજબ છે.

(૧) જ્ઞાનખાતામાંથી ઓછામાં ઓછા પાંચ હજારની રકમ મોકલવાથી એક પુસ્તકની હજાર નકલ આપના સંઘ તરફથી છપાવાનો લાભ મળશે અને જોઈતા પુસ્તકો ભેટ મળશે.

(૨) ચતુર્વિધ સંઘમાંથી કોઈપણ વ્યક્તિ રૂ. ૨૦૦૧ આપી પેટ્રન બની શકશે. પેટ્રન થનારનો ફોટો તથા જીવન ઝરમર છપાતા કોઈપણ એક પુસ્તકમાં મુકાશે. (૩) રૂ ૧૦૦૧ આજીવન સભ્યના છે તેમને હર સાલ છપાતા પુસ્તકો ભેટ મળતા રહેશે, તેમજ હાજર પુસ્તકો ભેટ મળશે.

(૪) રૂ. ૫૫૧ પાંચ વર્ષના સભ્યના છે. હાજર પુસ્તકો ભેટ મળશે. (૫) રૂ. ૨૫૧ બે વર્ષના સભ્યના છે.

(૬) રૂ. ૧૫૧ એક વર્ષના સભ્યના છે.

આ પુસ્તકો સાધુ સાધ્વીને તથા જ્ઞાનભંડારને ભેટ અપાય છે. શ્રાવક શ્રાવિકા માટે ઉપરની યોજના જે, એક પુસ્તક દીઠ પાંચ રૂપિયા ભેટ આપી શકાય છે.

લિ.

અકલંક ગ્રંથમાળાના પ્રોપ્રાઈટર

જવાહરલાલ ચંદુલાલ મોદી

(એડવોકેટ હાઈકોર્ટ અમદાવાદ)

---

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. અંબડના સાત આદેશ | ૧–૫૬ |
| ૨. શ્રી વજ્રસ્વામીનું ચરિત્ર | ૫૬–૭૧ |
| ૩. શ્રી કયવન્ના શેઠનું ચરિત્ર | ૭૧–૮૦ |

# અંબડના સાત આદેશ

## પ્રથમ આદેશ

ગોરખ યોગીનીએ અંબડને કહ્યું કે પૂર્વ તરફની દિશામાં ગુણવદના નામે વાટીકાની અંદર શતશર્કરા નામે વૃક્ષ છે. તે વૃક્ષનું ફળ લાવી આપ? તે શ્રદ્ધાંપૂર્વક પૂર્વ દિશા તરફ ચાલ્યો દુરથી મોટું નગર જોઈ બહાર તળાવ પાસે બેઠો ભરવા પાસે બેઠો ત્યાં પુરૂષો માથે બેડાં મુકી પાણી બેડાં આવતા દેખાણા તેને આશ્ચર્ય થયું કે સ્ત્રીઓ ને બદલે પુરૂષો પાણી ભરે છે. ત્યાં તો સ્ત્રીઓને ઘોડા પર બેસી આવતી જોઈ ઉંધો વ્યવહાર જાણી એક પુરૂષને પુછતાં તેણે મૌન રહેવાનો ઈસારો કર્યો. સ્ત્રી જાતિનો ભય પુરૂષે દેખાડતાં અંબડ ચમત્કાર પામ્યો અને કહ્યું.

હું સ્ત્રી જાતીના અનાચાર સામે બંડ ઉઠાવી તેમના બધા અધિકાર પડાવી લઈશ આ સાંભળી એક વૃદ્ધાએ કહ્યું કે તું પણ બીજા પુરૂષોની જેમ આ રાજયની રૈયત છે. તો તારે સ્ત્રીઓની આજ્ઞા માનવી પડશે. અંબડ ઉત્તર આપે તે પહેલાંજ રાજસ્વારી નીકળી. તેમાં હાથીની અંબાડી પર એક તેજસ્વી સ્ત્રીને બેઠેલી જોઈ તેને છત્ર ચામર ધરવાવાળી તથા પરિવાર પણ બધો સ્ત્રીઓનો જોઈ સ્ત્રીઆ રાજય જાણી આશ્ચર્ય પામ્યો, વૃદ્ધાએ અંબડને કહ્યું કે મારે ઘેર ચાલ પછી તારે જે કંઇ પુછવું હોય તે પુછજે.

અંબડ ડોસીમાની પાછળ ગયો. ડોશી એક મહેલ પાસે ઉભી રહી. ત્યાં તેણે નવ યૌવનાને આંગણાની વચ્ચે બેઠેલી જોઈ તેની સન્મુખ સૂર્ય ચંદ્ર રાહુ અને મંગળના ચાર દડા હતા. તેને ઉંછાળતી જોઈ અંબડે પુછવાનો વિચાર કર્યો વૃદ્ધાએ કહ્યું કે તમે ગોરખ યોગીનીના આદેશથી શતશર્કરા વૃક્ષનું ફળ લેવા નિકળ્યા છો ખરા પણ આજે અમારા અતિથી બન્યા છો એટલે અમારી આજ્ઞા શીવાય આ દેશમાંથી બહાર જઈ શકશો નહિ. અંબડનો આંખનો ખુણો લાલ થતાં તે વૃદ્ધાએ કહ્યું કે અહિં ગભરાવા જેવું કંઈજ નથી તમે મારી આ ચંદ્રાવતી પુત્રી સાથે સુખે રહો તેજ તમને શતશર્કરાનું ફળ લાવી દેશે.

તેવામાં ચંદ્રાવતી અંબડ પાસે આવી કહેવા લાગી. હું તમને કયારની શોધતી હતી. ચાલો આપણે દડે રમીએ અહિં બીજુ કંઇ કામ કરવાનું હોતું નથી. દડો ઉછાળતાં અને ઝીલતાં જેના હાથમાંથી દડો પડી જાય તેની હાર ગણાય અને તે બીજાની ચરણ સેવા કરે. અંબડે શરત કબુલ કરી. ચતુર ચંદ્રાવતી ચારે દડા વારાફરતી ઉછાળવા લાગી પણ એક પણ દડો નીચો પડયો નહિ. પછી અંબડે ચારે દડા ઉછાળવા લીધા પહેલો સૂર્યનો દડો ઉછાળતા તેના કીરણો આંખ પર પડતાં તે મૂછી પામી ગયો. ચંદ્રાવતીએ તે દડો જોરથી અદ્ધર ફગાવી મંત્રના બળથી ત્યાં જ સ્થંભાવી દીધો એટલે સૂર્ય અને અંબડ આકાશમાં સ્થિર થઇ ગયા.

ચંદ્રાવતી પોતાના અંતઃપુરમાં ચાલી ગઈ. થોડીવારે નાગડ સારથી સૂર્ય સમીપે આવ્યો. તેણે સૂર્યમંડળમાં એક પુરૂષને સ્થંભીત જોઇ દયા આવી. અમૃતના છાંટણા નાખી શુદ્ધિમાં લાવવા તે ચંદ્ર મંડળ સમીપે ગયો. ચંદ્રનું સ્થાન પણ ખાલી જોઇ અને રોહીણીને રડતી જોઇ કારણ પુછતાં જણાયું કે ચંદ્રને બંદીવાન બનાવી ચંદ્રાવતી ઉપાડી ગઈ છે. નાગડ સારથી ચંદ્રને કેદ પકડનાર ઉદ્ધાર નારીને શિક્ષા કરવા અને ચંદ્રને પાછો લાવવા ચંદ્રાવતીના નિવાસ સ્થાને ગયો.

ચંદ્રાવતીએ તેને આવતો જોઇ નાગપાસનું તીર છોડી નાગપાસથી બાંધી લીધો અને પોતાની માતા પાસે ગઈ નાગડની બ્હેન સર્પ દુષ્ટશંખલા ને ખબર પડતાં તે ભાઇની વ્હારે દોડી આવીને એક તીર છોડી નાગપાસ તોડી નાખ્યો. એટલે તે ચંદ્રાવતીને મારવા દોડયો. તેની બ્હેને તેને કહ્યું, કે તું ફાવીશ નહિ, છતાં પણ તે ગયો. સ્તંભીત થયેલ સૂર્યે પણ કહ્યું કે ચંદ્રાવતી પાસે તું તો બાળક ગણાય. તેની સાથે વિરોધ કરવાથી ફાવીશ નહિ, છતાં માયાકુંડલી નામની શક્તિનું આરાધન કરી ચંદ્રાવતીની માતા ભદ્રાવતીનો નાશ કર્યો. ચંદ્રાવતી પાસે માફી મંગાવી સૂર્યમંડળને મુક્તિ અપાવી અને વિરહથી ઝુરતી રોહીણીને તેનો પતિ ચંદ્રદેવ પાછો લાવી આપ્યો.

તે પછી ચંદ્રમંડળમાંનું અમૃત લઈ અંબડના અંગ પર છાંટતાં અંબડનું શરીર સજીવન થયું સૂર્યે પ્રસન્ન થઇ

અંબડને વરદાન આપ્યું. કે તું કોઇ સ્ત્રીના કામ બાણથી ચલિત થઇશ નહિ અને આકાશ ગામિનિ તથા ઇન્દ્ર જાલીની એમ બે વિદ્યાઓ આપી. સૂર્યની આજ્ઞાથી નાગડે શતશર્કરા વૃક્ષનું ફળ લાવી અંબડને આપી કહયું કે આ ફળ તારી પાસે રાખીશ તો કદી દુઃખી થઇશ નહિ અને ધર્મ અને પરોપકારના કાર્યો કરી શકીશ. સૂર્યે આપેલી વિદ્યાઓની સાધના કરી. અંબડ ઇશ્વરનું રુપ લઇ ચંદ્રાવતી પાસે આવ્યો ચંદ્રાવતીએ શંકરની પૂજા ભક્તિ કરી તે વખતે શંકર બહું રડવા લાગ્યો. ચંદ્રાવતીએ કહયું કે આપ ઇશ્વર છતાં કેમ રડો છો.

તેણે કહયું કે પાર્વતી મને ત્યજીને ચાલી ગઇ તેના વિના હું જીવી શકું તેમ નથી. પણ જો તું મારી સાથે લગ્ન કરે તો જીવી શકાય. ચંદ્રાવતીએ કહયું આપ પવિત્ર દેવકરાં અને હું પામર મનુષ્ય કયાં! ઈશ્વરે કહ્યું કે તે જોવાનું કામ મારૂં છે. તું હા પાડે તો ઉપાય બતાવું. ચંદ્રાવતીને ઇશ્વરની પત્નિ બનવાનું મન થતાં હા પાડી અને કહયું કે આપ કહેશો તે કરીશ. ઇશ્વરના રુપમાં અંબડે કહયું કે પ્રથમ મસ્તક મુંડાવવું. ગંદા પહેરવાં, ગધેડા પર સવારી કરી આવીશ તો લગ્ન કરીશ ચંદ્રાવતીએ કહયું.

શીવની પત્ની થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થતું હોય તો બધું કરવા કબુલ છું. એમ કહી મસ્તક મુંડાવ્યું. મોઢા પર મેંશ લગાવી ચીથરા વીટાવ્યા અને ગધેડા પર ગધેડા પર બેસી શંકરની રાહ જોતી બહાર ઉભી રહી, તેવામાં શિવજી આવ્યા, લોકો સમજયાં કે હમણા શિવજી તેની

સાથે લગ્ન કરી તેને પડખામાં લઈ કૈલાસ તરફ આકાશ માર્ગે ચાલ્યા જશે. એટલામાં લોકોના ટોળે ટોળાં લગ્ન જોવા ઉભરાયાં અને ગધેડું ભડક્યું ચંદ્રાવતીને નીચે પટકી ત્રણ ચાર લાતો માતો મારી. લોકો ખડખડાટ હસ્યા.

ચંદ્રાવતી શિવજીને કહેવા લાગી કે આપના દેખતાં ગધેડું પાદ પ્રહાર કરે અને આપ જોયા કરો તે શું યોગ્ય છે.? ત્યાં તો શંકરનો વૃષભ તોફાન કરતો ચંદ્રાવતીને લાતો મારવા લાગ્યો. ચંદ્રાવતીના આંખમાંથી અશ્રુ પડતાં ઉંચે જોયું તો બધું અલોપ થઈ ગયું. અને અંબડ તેની સામે ઉભો રહી કહેવા લાગ્યો કે હું સૂર્ય મંડળમાં જઈ વિજય મેળવી આવ્યો. આપણી શરત યાદ છે કે નહિ ચંદ્રાવતીએ કહ્યું કે મને બે આબરૂ કરી તમે માણસ છો કે હેવાન ? અંબડે કહ્યું ચુપ ચાપ રહો ? નહિતર આથી પણ વધુ ખરાબ થશે. ચંદ્રાવતી મૌન થતાં અંબડે કહયું.

મારી ચરણ સેવા કરો અગર મારી સાથે લગ્ન કરો. ચંદ્રાવતી લગન કરવા કબુલ થતાં અંબડે સ્નેહપૂર્વક તેને આલિંગન આપ્યું. પછી કહયું આ નગરમાં આવો વિપરીત આચાર કેમ છે. ચંદ્રાવતીએ કહ્યું કે આ નગર મેં પોતે જ મારી શક્તિથી સ્થાપ્યું છે. સૌને વિપરીત આચરણ વાળા મેં બનાવી દીધા છે. મારી પાસે ઘણી વિદ્યાઓ છે. આકાશ ગામી ચિંતિતગામી આકર્ષણી રુપ પરાવર્તીની વગેરે આ સાંભળી અંબડ ખુશી થયો. બંન્ને જણાં

લગ્ન કરી સંસારીક સુખ ભોગવતા સુખે રહેવા લાગ્યાં. પછી ચંદ્રાવતીને લઇ અંબાડ ગોરખ યોગિનિ પાસે ગયો અને શતશર્કરાનું ફળ તેમના ચરણમાં મુકયું. ત્યાંથી વંદન કરી નીકળીને પોતાને ઘેર આવી ગયાં.

## બીજો આદેશ

એક વખતે અંબાડ ક્ષત્રિય ફરીને ગોરખ યોગિનીના આશ્રમમાં જઇ બીજો આદેશ માગ્યો, યોગિનીએ કહયું સમુદ્રની વચ્ચે હરિછત્ર દ્વીપમાં કમલકાંચન યોગીની આંધારિકા કન્યાને લઇ આવ? અંબાડ તથાસ્તુ કહી સમુદ્રની મધ્યમાં આવેલ હરિછત્ર દ્વીપે આવી પહોંચ્યો. કમલકાંચાન યોગીને શોધવા વનમાં ફરતાં તે સામે મળ્યો અને કહ્યું.

હે અંબડ તમે જેને શોધો છો તે કમલકાંચન યોગી હું પોતે જ છું. તેઓ બંને વાતચીત કરતાં હતા તેવામાં રૂદનનો સ્વર સંભળાતાં યોગીએ તપાસ કરી તો પોતાની પુત્રી આંધારીકાને રડતી દેખી રૂદન કરવાનું કારણ પુછતાં તેણીએ કહ્યું કે અંબડ નામે ધૂર્ત પુરૂષ મને પકડીને લઇ જવા આવ્યો છે. તે તમે જાણતા છતાં કેમ પુછો છો? યોગીએ કહ્યું કોઈની તાકાત નથી કે મારી હાજરીમાં તેને ઉપાડી જાય.— આ વાકય અંબડના સાંભળવામાં આવતાં તને વિચાર્યું કે મારે બરાબર સાવચેતી રાખવી પડશે. યોગીએ અંબાડ પાસે

આવી કહયું.

તમને ગોરખ યોગીનીએ મોકલ્યા લાગે છે. અંબડે કહ્યું આપનું અનુમાન સાચું છે. પછી પોતાના શિષ્ય સાથે અંબડને પોતાને ઘેર મોકલ્યો. યોગીને કાગી અને નાગી નામે બે સ્ત્રીઓ હતી તેઓએ પણ અંબડને કહ્યું કે " તમે ગોરખ યોગિનીના કહેવાથી અત્રે આવ્યા લાગો છો તેણે હા પાડી પછી કાગી નાગીએ ભોજનમાં એવી ઔષધી નાખીને જમાડયો કે તે કુકડો બની ગયો.

અંબડે વિચાર્યું કે મારી પાસે આટલી બધી વિદ્યાઓ છતાં કુકડા રુપે જન્મ વિતાવવું પડશે. વિધિના લેખ મિથ્યા થાય તેમ નથી. કાગી નાગી તે કુકડાને બીલાડીઓની જેમ પજવતી હતી. તે મુગે મોઢે સહન કરતો હતો. યોગીએ પણ તે કુકડાને કહ્યું તું મારી પુત્રીને લઇ જવા આવ્યો હતો તો હવે તેનું ફળ ભોગવ આવી રીતે દુખમાં દિવસો વિતાવતો હતો.

એકવાર યોગીએ પોતાની સ્રીઓને કહ્યું કે હવે કુકડાને જંગલમાં છુંટો મુકી દીધો. એટલે તેને જંગલી પશુઓ ફાડી ખાશે. અગર ભુખ તરસથી રબાઇને મરી જશે. આપણે ત્યાં આ પાપ કયાં સુધી રાખવું ? પછી કાગી નાગી તેને જંગલમા મુકી આવી ત્યાં તેના દુઃખના દહાડા પુરા થતાં એક વાવમાં પાણી પીવા ઉતર્યો. કંઠ સુધી ધરાઇને પાણી પીધું બહાર નિકળતા તે કુકડો મટીને પુરૂષ બની ગયો અને વાવના પાણીનું મહાત્મય જાણી સાથે થોડું

લઈને ઘાસની પથારી કરી સુઈ ગયો.ત્યાં કોઈ સ્ત્રી રુદન તેની પાસે જઈ રોવાનું કારણુ પુછતાં તેણીએ કહ્યું.

હું રોલભપુર પત્તનના રાજા હંસની પુત્રી રાજહંસી છું ઉંમર લાયક થતાં મારા પિતાએ રાજકુમાર હરિચંદ્રની સાથે પરણાવવા નક્કી કર્યું. હસ્તમેળાપ થવાની તૈયારી હતી એટલામાં મને સૂર્યદેવે આપેલી કંચુકી પહેરતા અકસ્માત કોઈ દુષ્ટ પુરૂષે મારા અંતપુરમાં આવી મને ધમકી આપી. કંચુકી પડાવી લેવા માંડયો મેં તેને તરછોડી કાઢયો એટલે તે મને ઉપાડી આકાંશ માર્ગે ચાલ્યો. ભયને લીધે મારી આંખો મીંચાઈ ગઈ પછી શું બન્યું તે હું જાણુતી નથી પણુ હું એકલી અહિં છું. તે પુરૂષ આટલામાં કયાંઈ હોવો જોઈએ. મારૂં રૂદન સાભળી મારા સદ્ભાગ્યે તમે આવી ચડયા છો.

મેં કહ્યું સૂર્યદેવે તમને કંચુકી શા સારૂં આપેલી તે કહો. ત્યારે તેણીએ કહ્યું કે મારા માતા-પિતાએ મને સરસ્વતી નામે પંડીતાની પાઠશાળામાં ભણુવા મોકલી. મારી સાથે બીજી પણુ સાત કુલીન કુમારીકાઓ ભણુતી હતી. અમે આઠે જણીઓએ વિચાર કર્યો કે આજે આપણે પાઠશાળામાંજ સુઈ રહીશું. અમારા માતા પિતાને પંડિતા ઉપર વિશ્રાસ હોવાથી અમને સુવાની આજ્ઞા આપી હતી.

રાત્રે અમને સુતેલી સમજી પંડીતાએ એક મોટું માંડલું રચી ચોસઠ જોગણીઓને ક્રીડા કરવા આહ્વાહન કર્યું. ચોસઠ જોગણીઓએ આવી માંડલામાં રાસડા લેવા

માંડયા પંડીતાએ જોગણીઓને પ્રસન્ન કરી. એકાદ સિદ્ધિ મેળવવા પ્રાર્થના કરી.

તેઓએ કહ્યું કે વિધિ વિના સિદ્ધિ મળે નહિ પંડિતાએ કહ્યું કે આપ કહો તે વિધિ હુ કરીશ જોગણીઓએ કહયું કે પહેલાં પ્રાણપીંડ આપ એટલે સિદ્ધિ આપીશું. પંડીતાએ કહયું કે આપને એજ અભિષ્ઠ હોય તો આઠે કુમારીકાના બળીદાન તૈયાર છે.

જોગણીઓએ કહયું "કાળી ચૌદસ ને રવીવારે તું આઠે કન્યાઓને નૈવેદ્ય સાથે તૈયાર રાખજે અમે બપોરે આવીશું આ સાંભળી અમોને મરણના ભયથી રાત્રે ઉંઘ પણ આવી. નહિ સવાર થતાં જ અમે ઘેર જઈ માતા –પિતાને આ વાત જણાવી સૂર્યદેવની આરાધના કરવાનો નિશ્ચય કર્યો મારા પિતાને તો તે પંડીતા ઉપર ઘણો ક્રોધ ચઢતાં તેનો વધ કરવા માણસોને મોકલવા નિર્ણય કર્યો પણ મેં કહયું કે અમે સૂર્ય દેવની આરાધના કરી વિજવ મેળવશું અમે પુરી શ્રદધાથી સૂર્યદેવનું આરાધન કરતા તેઓએ પ્રસન્ન થઈ મને કંચુકી આપી અને બીજી સખીઓને એકેક ગોળી આપી કહયું.

પંડીતા જોગણીએ આપેલી સાડી પહેરે ત્યારે રાજકુમારીએ કંચુકી પહેરી લેવી અને બીજી બધીએ ગોળી મુખમાં નાખવી એમ કરવાથી તમે બધાં બચી જશો અને તે પંડીતાજ મરણને પ્રાપ્ત થશે.

અમે આ વાત કોઈને જણાવી નહિ અને પાઠશાળા જવાનું ચાલુ રાખ્યું એક દિવસ પંડીતાએ અમોને કહ્યું કે પુત્રીઓ ! તમારા ઉપર મોટી આપતિ આવશે. એવું મારા જ્ઞાનમાં જણાય છે તમારે તેનાંથી છૂટવું હોય તો હું રસ્તો બતાવું ? અમે તેની મેલી મુરાદ જાણી કહ્યું કે આપની આજ્ઞા એજ અમારો ધર્મ છે. એમ કહી અમે તેને વિશ્વાસ પમાડયો પંડીતાં હર્ષપામી છતી કહેવા લાગી કે આજે રવીવાર છે વળી કાળી ચૌદશનો ઉત્તમ દિવસ છે તો બપોરે તમે બધાં મારે ત્યાં આવજો.

અમે તેની કપટ કળા જોવા વખતસર ત્યાં ગઇઓ તેણીએ આઠ કુડાળાં કરી એક એક કુંડાળામાં અમને બેસાડયાં અને પ્રાથમીકમંત્ર વિધિ નૈવેધ પૂજા પાઠ પતાવી તે ઓરડામાં ગઈ એટલે મેં કંચુકી પહેરી અને બીજી બધીઓ ગોળી મોંઢામાં મુકી દીધી પંડીતતા જેવી સાડી પહેરીને નીકળી એવી અમે આઠે જણીઓએ તેની સાડી જબર જસ્તીથી ખેંચી લીધી તેથી તે મરણ પામી.

લોકોને ખબર પડતાં અમારા ઉપર ધન્યવાદનો વર્ષાદ વરસાવ્યો આ સાંભળી અંબડે રાજહંસીને કહ્યું કે હવે તમારે ચીંતા કરવાની જરૂરનથી હું મારા પ્રાણના ભોગે તને બચાવીશ મેં મારૂં મૂળ સ્વરૂપ તેને બતાવ્યું તેથી તેણે ખુશ થઈ કહ્યું.

અત્યારે લગ્નનું મુહુર્ત શુભ હોવાથી મારી સાથે લગ્ન કરો. મે. પણ માગણી સ્વીકારી સુખે તેની સાથે ભોગ ભોગવતો રહેવા લાગ્યો.

એક દિવસ રાજહંસીએ ભુલથી અજાણ્યું ફળ ખાઈ લીધું. તેથી તે ગધેડી બની ગઇ. હું કુકડામાંથી મનુષ્ય થયો. તે વાવનું પાણી લાગી. તેને પાયું તેથી તે પાછી રાજહંસી બની ગઈ. તેને પુછવાથી મેં મારી બધી હકીકત કહી. પછી મેં કહયું કે જે ફળ ખાવાથી તમે ગધેડી બન્યાં. તે ફળો અને પંડીતાની સાડી ઝુંટવી લીધેલી તે કયાં છે ? તેણીએ કહ્યું કે ફળો તો અત્રે ઘણાં છે પણ સાડી તો મારા પિતાને ત્યાં પડી છે. ત્યાં જવું મુશ્કેલ છે. અંબડે કહયું કે આકાશગામીની વિદ્યાના બળે ત્યાં જઈશું. એમ કહી રાજહંસીને લઈને ઉપડયોને રાજહંસીને તેના પિતાને ઘેર મૂકી પોતે વનમાં ગયો.

માતા પિતાએ રાજહંસીને કહયું કે "તું અચાનક કયાંથી આવી ? અમે તારી ઘણી તપાસ કરી. પણ પત્તો ન લાગ્યો. તેથી બહું ચીંતાતુર હતાં. રાજહંસીએ સઘળી વાત જણાવી. તેથી અંબડને વનમાંથી સામૈયું કરી ઘેર લાવી અડધું રાજ્ય તથા પુત્રી આપી. તેની સાત સખીઓ પણ અંબડને જ પરણી. ત્યાં તેઓ સુખપૂર્વક રહેવા લાગ્યા.

અંબડે પોતાની જન્મ ભૂમી તરફ જવાનું કહેતાં સર્વે સ્ત્રીઓ તૈયાર થઈ રાજ્યની વ્યવસ્થા કહી આકાશ માર્ગે

જવા નીકળ્યા. રસ્તામાં હરિછત્ર દ્વીપ આવતાં અંબડને પૂર્વનો પ્રસંગ યાદ આવ્યો. એટલે કમલકાંચન યોગીનું રૂપ ધારણ કરી. કાગી નાગીની પાસે આવ્યો. તેણે કાયા પલટ કરનારૂં ફળ તથા વાવનું પાણી સાથે રાખ્યું હતું.

કાગીનાગીએ પોતાનો પતિ જાણી રસોઈ કરવા માંડી અંબડે યોગીના રૂપમાં કહયું કે મને બહુ ભુખ લાગી છે. શાકભાજી હું લેતો આવ્યો છું. માટે જલદી તૈયાર કરો એમ કહી શાકની સાથે પેલું ફળ સમારી રાંધવા આપ્યું.

બીજી તરફ અંબડે કાગીનાગીનું રૂપ ધારણ કરી યોગી પાસે ગયો અને કહયું કે સ્વામીનાથ ? આપના માટે રસોઇ તૈયાર કરી છે. માટે જલ્દી જમવા પધારો એમ કહી પાછી ગઈ યોગી ઘેર ગયો અને જમવાની તૈયાર કરવા લાગ્યો. એટલામાં અંબડે તેની ઝુંપડીમાં પેસી આંધારીકાને ઉપાડી આકાશ માર્ગે પોતાના સૈન્યમાં મુરી દીધી અને રાજહંસીને કહયું.

તેની સંભાળ રાખજે. હું થોડીવારમાં આવું છું. એમ કહી યોગીને ત્યાં ગયો ત્યારે એક ગધેડા ને બે ગધેડીઓને પરસ્પર લાતો મારતાં તથા ભુંકતાં જોઈ ઘણું લોક ભેગું થયેલું જોયું અને વિચારવા લાગ્યા કે યોગી ને તેની બે સ્ત્રીઓ કેમ ગધેડા બની ગયા. અરે, કર્મની ગતી વિચિત્ર છે. જેવું કરીએ તેવું પમાય છે. તે વખતે અંબડે ઉંચે સ્વરે કહયું.

હે કમલકાંચન, હે કાગીનાગી હવે પછી અંબાડને કુકડા બનાવશો કે ? એમ કહી યોગીની બધી હકીકત કહી. ઘણો ફીટકાર આપ્યો. છેવટે તેણે કહયું કે તમારી આંધારીકાને પણ હું ઉપાડી ગયો છું. દરેક લોકોએ અંબાડને ખુબ શાબાશી આપી કહયું કે દુષ્ટોને શીક્ષા ઘણી કરી પણ હવે દયા લાવી તેઓનો ઉદ્ધાર કરો. લોકોના આગ્રહથી અંબાડે વાવનું પાણી ત્રણને પાઈ પાછા મુળ સ્વરૂપમાં લાવી દીધાં.

લોકોએ કહયું કે શેરને માથે સવાશેર ન હોય તો આ દુનિયા ચાલેજ નહીં. યોગીની અભિમાની પણાની ખોડ ભુલાવી ખોડ ભુલાવી અંબાડ પોતાના સ્થાને આવી ગયો. ત્યાંથી બાધાને લઈ સૈન્ય સાથે પોતાના નગરમાં ગયો અને આંધારીકાને ગોરખ યોગિની પાસે લઇ જઇ ઉપસ્થિત કરી યોગીનીએ તેના ઘણા વખાણ કર્યા ત્યાર પછી ફરી એક વખત યોગિનીએ અંબાડને ત્રીજીવાર આદેશ આપી કહ્યું.

સિંહય દ્વીપમાં સોમચંદ્ર રાજાને ચંદ્રાનામની રાણીથી ચંદ્રયશા નામે પુત્રી છે. તેમના રાજભંડારમાં જે એક રત્નમાળા છે તે લઈ આવ.

અંબડ યોગિનીનો પડયો બોલ ઝીલનારો હોવાથી સિંહલદ્વીપમાં આવ્યો. હવે રાજમહેલમાં કેવી રીતે જવું તે વિચાર કરે છે. એવામાં એક અદ્‌ભુત દ્રશ્ય જોયું.

એક રૂપવતી નવયૌવનાં કે જેના માથા પર ઉદ્યાન હતું. તેને ચંદ્રયશાકલ્પી અંબડે બોલાવી તેણીએ કહયું કે મારૂં નામ રાજલદેવી છે. મારા પિતા અહિંના મંત્રી વિરોચન નામે છે. ચંદ્રયશા તો રાજપુત્રી છે અને તે મારી સખી છે. અંબાડે કહયું.

તમારા માથા પર ઉદ્યાન કેવી રીતે ઉગ્યું. તે કૃપા કરી જણાવો ? અંબાડની નમ્રવાણીથી તેણીએ પોતાની આત્મકથા કહેવી શરુ કરી.

એક દિવસે હું ને મારી સખી ચંદ્રયશા વનમાં ક્રીડા કરવા ગયા હતાં. ત્યાં એક વૃદ્ધાએ અમોને પુછયું કે દીકરીઓ કયાં જાઓ છો ? અમે કહયું કે તમારા દર્શન કરવા અને પગે પડવા જ અમો આવીએ છીએ ત્યારે માજીએ પ્રસન્ન થઈ કહયું. કે મારી સાથે આવો તો તમને ઈશ્વર દર્શન કરાવું. અમે કહયું. માજી ઇશ્વર કોણ છે અને કયાં છે?

માજીએ કહયું કે તે શંકર મહાદેવ પોતાની પત્ની પાર્વતી સાથે કૈલાસમાં રહે છે. હું ત્યાં જ તમને લઈ જવા માગું છું. પછી અમે માજીની સાથે કૈલાસ પર્વત પર આવ્યાં અને શંકર પાર્વતીનાં દર્શન કર્યા. અમે માજીને કહ્યું કે આ બધું સાચું છે કે ભ્રમ છે માજીએ કહયું કે તદ્દન સાચું છે. તે વખતે શીવે માજીને કહ્યું કે આ બંને કુમારીકાઓ કોણ છે ? માજીએ કહયું કે મૃત્યુ લોકમાં વસે છે અને આપના દર્શને અહીં આવી છે.

મહેશ્વરે ખુશી થઈ રાજકુમારીના કંઠમાં રત્નમાળા પહેરાવી અને મને કર્મ દંડ આપ્યો. તેનો પ્રભાવ બતાવતાં કહ્યું કે માળાના પ્રભાવે બધે જીત થશે અને મનવું ધાર્યું રૂપ લઈ શકાશે, દંડના પ્રભાવે બધા શત્રુ અને રોગ શાંત થઇ જશે અમે કહ્યું અમે રોજ આપના દર્શને આવી શકીએ તેવી વ્યવસ્થા કરો. આ સાંભળી મહાદેવ વધુ પ્રસન્ન થયા અને ત્રિદંડ નામનું વૃક્ષ આપી કહ્યું.

આ વૃક્ષ રોજ તમને મારા દર્શન કરાવશે. અમને માજી મૃત્યુ લોકમાં અમારા ઘેર મુકી ગયાં, વૃક્ષ આંગણામાં રોપી દીધું. દરરોજ વૃક્ષ પર ચઢી કૈલાસ જઇ શીવનાં દર્શન કરી આવીએ છીએ આ સાંભળી અંબડને ઘણો વિસ્મય થયો તેના મનનો ખુલાસો ન થતાં ફરી પુછ્યું કે આ ઉદ્યાન માથા પર કેવી રીતે થયું? ત્યારે અધુરી વાત પુરી કરવાં કહ્યું.

એક દિવસે કૈલાસ જતાં સૂર્યને શંકા થઇ. આ કોઈ ભયંકર શક્તિ મારી સામે આવે છે. અમે નજીક આવ્યા ત્યારે તેની શંકા ટળી ગઈ અને પુછ્યું કે તમો દરરોજ કયાં જાઓ છો ? અમે બધી સાચી હકીકત જણાવી. ત્યારે સૂર્યે કહ્યું કે તમારી મહાદેવ પ્રત્યેની ભકિત જોઈ હું તમારા પર પ્રસન્ન થયો છું. માટે જે જોઇએ તે વરદાન માંગો અમે કહ્યું કે અમારી ભકિતમાં કંઇ પણ વિઘ્ન નડે નહિ તેટલું જ માંગીએ છીએ.

આ સાંભળી સૂર્યદેવે વધુ થઈ રાજકુમારીને તિલકાભરણુ અને મને ઉદ્યાન સમર્પિત કર્યું. આ ઉદ્યાનનાં ફળ ફુલથી અમે શિવની ઉપાસના કરીએ છીએ તે પછી અંબાડ રાજલદેવી સાથે નગરમાં ગયો. ત્યાં તેણે સરીઆમ રસ્તા પર નટનું રૂપ બનાવી નાટક ભજવવું શરુ કર્યું. મૃદંગ ઉપર એક થપાક મારતાં આખુ નગર લોક ભેગું થયું. શરૂમાં તો અંબાડે એક નટનું જ રૂપ બનાવ્યું. પણ પછી જેમ જેમ જરૂર પડી તેમ તેમ નટીઓના રૂપ બનાવતો ગયો.

ચંદ્રયશાને કોઈ દાસીએ નાટારંભના સમાચાર આપતાં તે પણ જોવા આવી ત્યાં બીજી નટીઓ સાથે પોતાની સખી રાજલદેવી નાચતી જોઇ કહ્યું કે સખી? શું તને કંઈ ગાંડપણુ સુજયું છે કે ભુત પ્રેત વળગ્યું છે આમ જાહેરમાં નૃત્ય ગીત કરાય? રાજલદેવીએ કહયું કે નાદ એ તો પાંચમો વેદ છે. એમાં લાજ શરમ ન રખાય? ચંદ્રયશા મૌન બની ગઈ. પણ એટલામાં રાજલદેવીના માતા પિતા ત્યાં આવતાં તેમણે પુત્રીને નૃત્ય અને ગીત ગાતી જોઈ રાજાને ફરીયાદ કરી કે કોઈ ધુતારો મારી પુત્રીને ઠગીને જાહેર રસ્તામાં તેની પાસે નૃત્ય ને ગીત કરાવે છે? રાજા પણ તે જોવા આવ્યો.

આ તરફ અંબાડ તો બ્રહ્મામા વિષ્ણું મહેશ્વરના રૂપ કરી માનવ મોહનીને વશ કરી રહ્યો હતો. રાજાએ પુરે પુરૂં નાટક જોયું અને તે ઘણો પ્રસન્ન થયો. અંબાડને રત્ન સુવર્ણ

વસ્ત્રાભરણ ભેટ આપવા જતાં અંબડે કંઇપણ લીધું નહી એટલે રાજાને તથા લોકોને તે એક મહાન વિદ્યાધર કે સિદ્ધ પુરૂષ જેવો લાગ્યો.

લોકો તેની કળા કુશળતા તથા ત્યાગ વૃત્તિના વખાણ કરતાં પોત પોતાના સ્થાને ગયા રાજા પણ સ્વસ્થાને ગયો. પછી રાજલદેવી અંબડની રજા લઈ પોતાના પિતાના ઘેર ગઈ. મા બાપે તેને ઉધડી લીધી અને કહ્યું કે તેં તો અમારૂં નાક વઢાવ્યું. તને પેલા ઠગારા નટે ભોળવી દીધી લાગે છે રાજલદેવીએ ગુરૂજનોનાં કડવાં વચનો મુંગે મોઢે સહન કર્યા. છેવટે તેણે કહ્યું.

તે નટ ગમે તેવો ઠગારો કે દુષ્ટ તમે ગણતા હો પણ તે મારો પતિ થઈ ચુકયો છે. મારે મન એજ પ્રભુ છે. આ સાંભળી બધાં ચુપ ચાપ થઇ ગયાં. પછી સાંજે તે પોતાની સખી ચંદ્રયશાને મળવા ગઈ. તેણે પણ પુછયું કે તું જેની સાથે નાટક કરતી હતી તે પુરૂષ કોણ છે? ખરેખર! તે કોઈ બાહોશ કળાકુશળ લાગે છે? રાજલદેવીએ અંબડનો અત્યાર સુધીનો બધો ઈતિહાસ કરી પરિચય કરાવતાં તેણે પણ કહી દીધું કે હું પરણીશ તો તેને જ પરણીશ. બીજા પુરૂષ મારે ભાઇ બાપ સમાન છે.

રાજલદેવી પોતાના ઘેર જવા તૈયાર થતાં ચંદ્રયશાએ કહ્યું કે તે પુરૂષને તું મારા અંતઃપુરમાં મોકલીશ? રાજલદેવીએ કહ્યું કે ભલે? એમ કહી અંબડ પાસે આવી

ચંદ્રયશા સાથેની વાતચીત કહી સંભળાવી. વિશેષમાં કહ્યું કે આજે તે તમારી રાહ જોતી સોનાના ઝરુખાવાળા રાજમહેલમાં બેઠી હશે. તમો ત્યાં જઈ તેને શાંત કરી આવો. પછી રાત્રીનો એક પહોર પુરો થતાં અંબડ ત્યાં પહોંચી ગયો.

ચંદ્રયશાએ તેનું ઘણું સન્માન કર્યું. વિવિધ પ્રકાકારની વાતચીતો કરી એક બીજાનું દીલ જીતી લીધું. જતી વખતે અંબડે હાથ ચાલાકી વાપરી પાનના બીડામાં પેલા ફળનું બારીક ચૂર્ણ ભેળવી તેને આપ્યું. અંબાડના ગયા પછી પ્રિય-તમે આપેલું પાનનું બીડું મોંમાં મુકી નિદ્રાવશ થઈ ગઈ. સવારે દાસીઓએ ચંદ્રયશાને બદલે ગધેડી જોઈ.

રાજાને ખબર આપતાં રાજા પોતે ત્યાં આવ્યો અને ચંદ્રયશાને ન જોવાથી મંત્ર–તંત્ર-જાપ વગેરે કરાવતાં પણ ચંદ્રથશા મળી નહિ એટલે ગધેડી મટીને ચંદ્રયશા થઈ નહિ. આખરે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ મારી પુત્રીને આરામ કરી આપશે તેને ક્રોડ સોનામહેરો આપીશ. આ લાલચથી પણ ઘણા વૈદ્ય, બાવા, ભુવા, જોશી વગેરેએ મંત્રયત્રાદિક પ્રયોગો કર્યા છતાં ફેર પડયો નહિ. ત્યારે રાજલદેવીએ આવી રાજાને કહ્યું,

અર્ધું રાજય અને રાજકુંવરી આપવાનો ઢંઢેરો પીટાવો. દીકરી કરતાં અધીક આપને શું છે? આ સાંભળી રાજાએ તે મુજબ ઢંઢેરો પીટાવતાં અંબડે યોગીના વેશમાં પડહ

છમી કહ્યું કે હું તમારી પુત્રીને સંપૂર્ણ આરામ કરી દઈશ. રાજાએ યોગીની માંગણી કબુલ રાખી.

અંબાડે ત્રણ દિવસ ઢોંગ ધતુરા કરી ચોથે દિવસે ગધેડીને વાવનું પાણી પાઈ કુંવરી બનાવી. વચન મુજબ રાજાએ પોતાની કુંવરી અંબડને પરણાવી. તે જોઈ પ્રધાને પણ પોતાની પુત્રી રાજલદેવી અંબાડની સાથે પરણાવી, થોડા વખત ત્યાં રહી અંબડ પોતાના રથનુપુર નગરમાં આવ્યો અને યોગિની પાસે જઇ રત્નમાળા તેના ચરણમાં મુકી, યોગિનીએ ધન્યવાદ આપી ઉત્સાહિત કર્યો. અંબડ સ્ત્રીઓ સાથે સુખ ભોગવતો કાળ વિતાવવા લાગ્યો.

## ચોથો આદેશ

ફરી એક વખત ગોરખ યોગિની પાસે જતાં અંબાડને ચોથો આદેશ આપ્યો કે નવલક્ષ નામે નગરમાં એક મોટો વહાણવટી બહુ ધનિક છે અને તેના ત્યાં લક્ષ્મી ઉપરાંત એક વાંદરી પણ છે તો તેની લક્ષ્મી અને વાંદરી બન્ને લઈ આવ.

અંબડ યોગિનીનો આદેશ માથે ચઢાવી ત્યાંથી ચાલી નીકળ્યો. માર્ગમાં સુગંધવન નામનું વન આવતાં વિશ્રામ લેવા બેઠો. તેટલામાં તેજના પુંજ સરખી એક બાળા જોઇ અંબાડની આંખો અંજાઈ ગઈ. આંખ ઉઘાડીને જોતાં બાળા અદૃશ્ય

થઈ ગઇ. તેથી અંબાડની આંખમાં પણ અશ્રુ આવી ગયા. તેના વિચારમાં કેટલોક વખત જતાં.

એક દિવસે એક બટુકે આવી એક સુંદર ફળ અંબાડને આપી કહ્યું કે આપ કૃપા કરી મારે ત્યાં પધારો. આપને અમરાવતી પોતાને મળવા આમંત્રે છે. અંબાડે બટુકને અમરાવતી કોણુ છે તેમ પુછતાં બટુકે તેનો ઇતિહાસ કહેવો શરૂ કર્યો.

અગ્નિકુંડ નગરમાં દેવાદિત્ય નામે રાજાને ઘણી રાણીઓ અને ઘણા પુત્રો છે તેની પટ્ટરાણી હતી લીલાવતી. બીજી રાણીએ એક રાજાને ભોજન કરવા બોલાવ્યો, રાજા જમીને ઉભો થતા પોપટ બની ગયો. નગરમાં ખબર પડતાં હાહાકાર મચી ગયો. જે રાણીએ રાજા પર કામણ કર્યું હતું તેને પકડી દેશપાર કરી દીધી. લીલાવતી પટ્ટરાણી પોપટનું પોતાના પતિની જેમ રક્ષણ કરતી હતી.

એક દિવસે પોપટને વાચા થતાં તે બોલ્યો કે મને ચિતામાં બાળી નાંખો. તો હું દુઃખમાંથી મુક્ત થાઉં તે વખતે કુલચંદ્ર નામે એક તપસ્વી આકાશ માર્ગે ત્યાં ઉતર્યા અને નગરજનોને આશ્વાસન આપતાં કહેવા લાગ્યા કે તમારા રાજાને હું પાછો મનુષ્ય બનાવી દઇશ. લોકોને આનંદ થયો.

સાતમે દિવસે રાજા પોપટ મટીને મનુષ્ય બની ગયો. તેથી નગરજનોએ અને પ્રધાનોએ ભારે મહોત્સવ કરી રાજાનું સન્માન કર્યું; પરંતુ રાજાનું મન સંસાર ઉપરથી ઉઠી

જતાં પુત્રને રાજ લક્ષ્મી સોંપી વનમાં તપ કરવા ચાલી નીકળ્યો. પટ્ટરાણી પણ તેની સાથે ગઈ.

એક દિવસે રાણીને સગર્ભા જોઈ રાજાએ કહ્યું કે તપોવનને લંછન લાગે એવુ તે શું કર્યું. રાણીએ કહ્યું કે હે નાથ ! આ ગર્ભ તો આપણે રાજમહેલમાં હતા ત્યારનો છે પણ તમે તમારી સાથે મને આવતાં અટકાવો માટે કહ્યું ન હતું. દિવસ પુરા થતાં રાણી એ એક મનોહર રૂપવતી પુત્રીનો જન્મ આપ્યો. પણ પછી તરત જ તે રાણી મરણ પામી. તેથી રાજાને ઉપાધીનો પાર ન રહ્યો. તેમણે જંગલી ભેંસોનું દુધ પાઈ ઉછેરી મોટી કરી અને શાસ્ત્ર ભણાવી પારંગત કરી. તેનું સૌંદર્ય વધતું ગયું. તેનું અમરાવતી નામ પાડયું હતું.

એક વખત આકાશ માર્ગે જતા એક ધનીકે તેને જોઈ તેના રૂપથી આકર્ષાઈ તેને પરણવા માટે ત્રણ રત્ન તેના પગમાં મુકયા. એક રત્નના પ્રભાવે પાણીના ઉપદ્રવ જાય. બીજા રત્નના પ્રભાવે અગ્નિ શાંત થઈ જાય અને ત્રીજા રત્નના પ્રભાવે ભૂત પ્રેતના ઉપદ્રવ જાય. આ ત્રણ રત્નો લઇ તેણે ધનીકને કહ્યું.

હું આજથી તારી સગી બ્હેન છું અને તું મારો સગો ભાઇ છું. આ સાંભળી તેનો કામ રાગ શાંત થતાં અમરાવતીને બ્હેન માની એક સરોવર બનાવી તેની મધ્યમાં મહેલ બનાવી તેને રાખી રાજાએ ધનીકને પુછયું કે આનો વર કોણ થશે. તેણે કહયું કે અંબડ નામે પરાક્રમી

ક્ષત્રીયને આજ વનમાં બકુલ વૃક્ષ નીચે બેઠેલો. આજથી સાતમે દિવસે અમરાવતી જોશે. બટુકે કહ્યું કે આજે સાતમો દિવસ છે. માટે આપ મારી સાથે પધારો. અંબડ તેની સાથે અમરાવતીના મહેલમાં ગયો.

અંબડને આવતો દેખી અમરાવતીએ સામે જઈ તેનો સત્કાર સન્માન કર્યો. પછી કુશળ વર્તમાન પુછવામાં દિવસ કાઢયો. અંબડે તેના પિતાના સમાચાર પુછયા. અમરાવતીએ બટુકને કહયું કે જા પિતાજીને બોલાવી લાવ? બટુકની પાછળ અંબડ જવા લાગ્યો. તેને અમરાવતીએ રોકયો. પણ તે તો બટુકની પાછળ જ ગયો.

સરોવરમાં માર્ગ કાપતાં એક મોટું માછલું અંબડને ગળી ગયું. તે માછલું એક બગલાની ચાંચમાં સપડાયું. તે ઉડવા જતાં ગીધ પક્ષી તેનો કોળીયો કરી આકાશમાં અદૃશ્ય થઈ ગયું. બટુકે પાછળ આવતાં અંબડને જોયો નહિ તેથી પાછા આવી અંબડને બધી હકીકત કહી. કંપતાં સ્વરે અમરાવતી આ સાંભળતાં જ ધરતી પર ઢળી પડી.

રાજાને ખબર આપતાં તે રાજર્ષિએ ઉતાવળે આવી શીતોપચાર કરતાં પણ અમરાવતી બેઠી થઈ નહિ. આ તરફ ગીધે બગલું ગળ્યું પણ જીરવી શકાયું નહિ. તેથી ઝાડ પર બેસી પાંખો ફફડાવતું હતું. તેને એક પારધીએ બાણ મારતાં તે નીચે પડયું. તેના પેટમાંથી બગલો નીકળ્યો. બગલાના પેટમાંથી માછલું નિકળ્યું. માછલાને ચીરતાં તેમાંથી

માણુસ નિકળ્યો. તેને પારધીએ પાણીથી સાફ કરી પંખાથી પવન નાખતાં તેણે આંખ ઉઘાડી અને પારધીના પુછવાથી તેણે સત્ય હકીક્ત કહી.

પારધીએ તેને સારો માણુસ લાગવાથી પોતાને ઘેર લઇ જઈ એક ઓરડામાં ઉતારો આપ્યો. મધ્યરાત્રી વિત્યા પછી તે પથારીમાંથી ઉઠી નવલક્ષ પત્તન જોવાની ઈચ્છાએ બહાર નિકળ્યો. ત્યારે પારધીની પુત્રીને કયાંક જતી જોઈ તેની પાછળ ચાલ્યો. થોડે દુર ગયા પછી તે પારધીની પુત્રીને નાગિની નામે ક્ષત્રીય બાળા, સોહી નામે વણિક બાળા અને સુમતી નામે બ્રાહ્મણ બાળા, મળી તે ચારે આગળ ચાલતા પારધીની પુત્રીએ કહ્યું.

સખીઓ આજે તો આપણે ચૌટામાં થઈને પેલા વહાણવટીને ત્યાં જવાનું છે ખરૂંને? પછી ચારે જણી-ઓએ બકરીના રૂપ લીધાં એટલે અંબડે પણ બકરાને રૂપ કરી પાછળ ચાલ્યો નવા બકરાને પાછળ આવતો જોઈ ગભરાઇને તે ચારે જણીઓએ ઘર તરફનો રસ્તો લીધો. સવારે ચારે જણીઓ વિચાર કરવા લાગી કે બકરો કોણ અને કયાંથી આવ્યો હશે? અંબડ છાનોમાનો તેઓની વાત સાંભળતો હોવાથી તેણે પ્રત્યક્ષ થઈ કહ્યું.

તે બકરો હું પોતે જ હતો. તમારે જે કંઈ પુછવું હોય તે મને પુછો. ત્યારે એકે કહ્યું કે અમને શા સારું પજવો છો. અમે તમારો શો અપરાધ કર્યો છે અંબડે કહ્યું કે તમે મારું એક કામ કરી આપો તો જવા દઉં. તેઓએ કહ્યું કે

ખુશીથી કહો અહીં નવલક્ષ નામે શહેરમાં વહાણુવટીની રૂપીણી નામે પુત્રીને મારે મળવું છે તો ત્યાં લઈ જાઓ તો તમોને પજવીશ નહી.

તેઓએ તે વાત કબુલ કરી જે રુપીણીને ત્યાં જવા અંબાડ ઇચ્છા કરતો હતો તેના મહેલની આસપાસ પાંચ પાંચ હજાર સુંભટો રાત દિવસ પહેરો ભરતા હતા. મહેલ ઉપર સેંકડો ધજા ફરકતી હતી. મહેલની આસપાસ તાંબાનો ગઢ હતો. ગઢનું રક્ષણુ કરવા ફરતી ઉંડી ખાઈ હતી અને મહેલમાં હીરારત્નથી શણુગારેલા દીપકો બળ્યા કરતાં હતા.

તે વખતે ચાર બકરીઓ અને પાંચમો બકરો મહેલમાં આવ્યાં રૂપીણી કનકમય ગૃહમાં બેસી વાંદરી સાથે ગેલ કરી રહી હતી. ચારે બકરીઓને આવકાર આપી બેસવા કહ્યું પણુ બકરાને જોઇ તેઓને કહ્યું કે આ બકરો તમે કયાંથી લાવ્યા સાચું કહો નહિતર તમો જીવતા રહેશો નહિ એકે કહ્યું.

આ બાકરો તમને ઓાળખે છે. તમારૂં નામ પણુ તેણે જ આપ્યું છે તો તેને પુછો? ભય પામેલી રુપીણીએ ગળગળા થઇ બકરાને પુછયું કે આપ અજના રૂપમાં કોણુ છો? આપનો જો અવિનય થયો હોય તો માફી માગું છું ત્યારે અંબાડે મૂળ રૂપ કરી કહયું કે મારૂં નામ અંબડ છે. ગોરખ યોગિનીના પ્રતાપે મેં બધી સિદ્ધિઓ મેળવી છે. આખું વિશ્વ મારે સ્વાધીન છે. આ સાંભળી રુપીણી આશ્ચર્ય પામી કહેવા લાગી.

આજથી આપ જ મારા સ્વામી છો. આપની સેવામાં મારૂં સર્વસ્વ અર્પણ કરૂં છું. અંબડે કહ્યું કે મારે બીજી કોઇ વસ્તુની ખપ નથી ફક્ત તારી લક્ષ્મી અને વાંદરી મને સોંપી દે. રૂપીણીએ કહ્યું કે બધું આપનું જ છે. પરંતુ આ વાંદરા મને કેવી રીતે મળી અને મારે તેની સાથે શું સંબંધ છે. તે સાંભળ્યા પછી આપ કહેશો તેમ કરીશ.

મેં એક વાર ચંદ્રદેવની આરાધના કરી. ચંદ્રદેવે પ્રસન્ન થઈ મને આ વાંદરી ભેટ આપી ને કહયું કે જયાં સુધી આ વાંદરી તારી પાસે રહેશે ત્યાં સુધી તારૂં સૌભાગ્ય અખંડ રહેશે. તેથી વાંદરીએ મારું જીવન છે. તે રોજ બબ્બે લાખ રૂપીઆના કીમતના રત્નો આપે છે. અંબડે બહુ વિચાર કરી કહ્યું કે જો એમ છે તો શું કરવું તે તું જ કહે. ત્યારે રુપીણીએ કહયું.

તમે મારી સાથે લગ્ન કરો એટલે વાંદરી આપણી સાથે રહેશે. અંબડે કહયું કે તારા પિતાને સમજાવી લગ્નની તૈયારી કર ત્યારે રુપીણીએ કહયું કે પુરૂષો ઘણીવાર ઉતાવળથી સાહસિકપણાથી અવિચારી પગલુંભરી દુઃખી થાય છે. અંબડે રુપીણીને કહયું કે તું મને બન્ને બાજુથી મુંઝવે છે. વાંદરી આપતી નથી કે લગ્ન કરતી નથી રૂપીણીએ કહયું.

ઉતાવળે આંબા ન પાકે પ્રથમ તમે મલયચંદ રાજાની પુત્રી વિરમતી સાથે લગ્ન કરો પછી હું નિર્વિઘ્ને તમારી

સાથે લગ્ન કરી શકીશ. અંબડે કહ્યું કે વિરમતી સાથે લગ્ન કરવાનો ઉપાય પણ તમે જ બતાવો ? રુપીણીએ કહ્યું કે તમે અજ વિદ્યા જાણો છો. તો રાજાને બકરો બનાવો એટલે રાજ્ય ને કન્યા બધું તમને મળશે.

અંબડે કહ્યું બરાબર યુક્તિ બતાવી પછી જ્યારે મલયચંદ્ર રાજા અશ્વ પર બેસી નગર ચર્ચા જોવા નીકળ્યો ત્યારે અંબડે તેને બકરો બનાવી દીધો. નગરમાં હાહાકાર વર્તાઈ ગયો અંબડે વખત વિચારી બહુ રૂપીણી વિદ્યાના બળથી મોટું લશ્કર ઉભું કર્યું.

થોડા સૈન્યને સિંહદ્વાર તરફ રવાના કર્યા કારણ કે પ્રધાને શત્રુ રાજાના ભયથી સિંહદ્વાર બંધ કરાવ્યું હતું નગર પાલકોએ પ્રધાનને કહ્યુ. રથનુપુર નગરનો રાજા પોતાના સુભટો સાથે સિંહદ્વારે ઉભો છે અને કહે છે કે અમારે માત્ર નગર જોવા આવવું છે. તો દરવાજો ઉઘાડવા કહે છે.

પ્રધાને દરવાજો ઉઘાડવાની આજ્ઞા આપતાં અંબડ અને તેનું સૈન્ય નગરમાં આવ્યું પ્રધાને પગે ચાલીને તેની સામે જઈ સત્કાર સ્વાગત કર્યું. અંબડે પુછ્યું કે આવું સરસ નગર છતાં શુનકાર જેવું કેમ લાગે છે. પ્રધાને બધી હકીકત સમજાવી અંબડે કહ્યું કે આવી નજીવી બાબતમાં શું ચિંતા કરો છો રાજાને મારી પાસે લાવો તો

બકરામાંથી રાજા બનાવી દઉં પણ તેના બદલામાં મને શું આપશો? પ્રધાને કહયું.

જો તેમ કરો તો અડધું રાજ્ય તથા વિરમતી કન્યા આપીશું પછી અંબડે બકરાને રાજા બનાવ્યો એટલે રાજાએ સંતુષ્ઠ થઈ અર્ધું રાજ્ય તથા વિરમતી કન્યા પરણાવી પછી તો રૂપીણી વગેરે પાંચેય કન્યાઓ પણ અંબડ પરણ્યો પણ અમરાવતીનો વિરહ સાલતો હતો. અંબડના અદશ્ય થયા પછી અમરાવતી સુગંધ વનમાં નિરંતર ફર્યા કરતી હતી અને બટુક પાસે અંબડની તપાસ કરાવતી હતી.

એક દિવસ અંબડ તે વનમાં આવ્યો. બટુકે તેને ઓળખ્યો અને રાજર્ષીને બોલાવી લાવ્યો અંબડે રાજર્ષીને પોતાની વિતક કથા કહી સંભળાવી રાજર્ષીએ અમરાવતીની વિરહવ્યથા કહી આંસું પાડયાં. પછી તુર્તજ અમરાવતીની સાથે અંબડના લગ્ન કર્યા અંબડ તેને પટ્ટરાણી પદે સ્થાપી પછી રાજર્ષીની રજા લઈ બધી સ્ત્રીઓ સાથે અંબડ પોતાના નગરમાં આવી ગયોને સુખે રહેવા લાગ્યો.

# પાંચમાં આદેશ

અંબડ પ્રથમ ગોરખ યોગિની પાસે આવી લક્ષ્મી અને વાંદરી રજુ કરી તેથી યોગિનીએ તેને શાબાશી આપી ફરી એકવાર પાંચમો આદેશ આપ્યો કે સૌરાષ્ટ્ર દેશમાં

દેવપટ્ટન શહેરમાં દેવચંદ્ર રાજાનો વૈરોચન નામે પ્રધાનને ત્યાં રવિચંદ્ર નામે દીવો છે તે લઇ આવ. યોગિનોને નમસ્કાર કરી અંબડ સૌરાષ્ટ્ર દેશમાં આવ્યો. ત્યાં માર્ગમાં એક બ્રાહ્મણ મળ્યો. અંબડે પુછયું કે કયાં જાઓ છો કયાંથી આવ્યા. બ્રાહ્મણે કહયું.

દેવપટનથી આવ્યો છું અને પરકાય પ્રવેશની વિદ્યા શીખવા સિંહપુરી નગરીએ જાઉં છું પહેલા ત્યાં સાગર-ચંદ્ર રાજા રાજ્ય કરતો હતો તેને સમરસિંહ નામે પુત્રને રોહીણી નામે પુત્રી છે રાજા પોતે પરાકાય પ્રવેશની વિદ્યા જાણતો હતો તે વૃદ્ધ થવાથી રાજ્ય પુત્રને સોંપી વનમાં ગયો છે અને પરકાય પ્રવેશની વિદ્યા પુત્રીના આગ્રહથી તેને શીખવી છે અને કહયું છે કે તારે ગમે તેને આ વિદ્યા શીખવવી નહિ અને જેને તું શીખવે તેની સાથે તારે લગ્ન કરવું રોહીણીએ રાજી ખુશીથી આ પ્રતિજ્ઞા સ્વિકારી છે રાજાતો મૃત્યુ પામી ગયો છે.

હાલ સમરસિંહ રાજ્ય ચલાવે છે રોહીણી તેના પિતાની શય્યા સાચવતી બેસી રહે છે. કોઇ કોઈવાર પર્વતના શીખર પર કે ગુફામાં જાય છે. બાકી તો મહેલના ખુણામાં બેસી દિવસો વિતાવે છે. મારી પાસે મોહિની વિદ્યા છે. તે આપીને તેના બદલામાં હું તેની પાસેથી પરકાય પ્રવેશ વિદ્યા લઈશ. અંબડે કહયું તે તો ઠીક પણ તે તમને મોઢું જ નહિ બતાવે તો શું કરશો ? બ્રાહમણે કહયું.

તો કંઈ પ્રપંચ કરવો પડશે એમ કહી મુંઝવણમાં પડયો ત્યારે અંબડે કહ્યું કે મારી પાસે અક્ષય લક્ષ્મી આપનારી સરસ વિદ્યા છે. બ્રાહ્મણે કહયું તો તો ઘણું સારું આપણે બન્ને પરસ્પર વિદ્યાની અદલા બદલી કરીએ. અંબડે તેમ કર્યું પછી તેઓ સિંહપુર નગરે આવ્યા. અંબડે વિચાર કર્યો કે બ્રાહ્મણની સાથે રહેવાથી કાર્યસિદ્ધિ થશે નહિ, તેથી બ્રાહ્મણને તે જુદે જુદે રસ્તે નગરમા પેઠા.

અંબડે નગરમાં આવી તાપસીનું રૂપ લીધું, મોહની વિદ્યાના પ્રતાપે ગામના માણુસો તેના પર મુગ્ધ બન્યાં. તેણીએ નગરજનોને કહ્યું કે હું સર્વ પ્રકારના નિમિત્તો કહી શકું છું કોની કાર્યસિદ્ધિ કયારે થશે તે બધુ કહી આપું છું. પેલા બ્રાહ્મણના કાને આ વાત પહોંચતા તેણે આવી પૂછયું.

હે ભગવતી? મારૂં કાર્ય સિદ્ધ થશે કે નહિ. તેણીએ કહ્યું કે તું નવી વિદ્યા મેળવવા આવ્યો છું. પણ તે વિદ્યા તને મળવાની નથી. બ્રાહ્મણે તે વિદ્યા મેળવવા ઘણા ઉપાય કર્યા પણ ન મળવાથી તે પોતાના દેશમાં પાછો ચાલ્યો ગયો.

રોહીણીએ તાપસીની હકીક્ત જાણી દાસીને કહ્યું કે રોહિણી આપને જોવા બહુ ઉત્સુક છે. રોહીણી જેવી બધી કળામાં કુશળ બીજી કોઈ કન્યા નથી માટે આપ પધારો તે આપનું સન્માન કરશે.

તાપસી દાસીના આગ્રહથી રોહીણી પાસે આવી. રોહીણી એ તેનું સારૂં સ્વાગત કર્યું અને સોનાના સિંહાસન પર બેસાડી કુશળ વાર્તા લાપ કર્યો. જમવાનો સમય થતાં રોહીણીએ ભોજન સ્વિકારવાં પ્રાર્થના કરી. તાપસીએ કહ્યું કે અમારે સ્વાદિષ્ટ ભોજન લેવું ઘટે નહિ. રોહીણીએ વિચાર્યું કે આ બાળ તાપસી આવું ઉગ્રતપ શા માટે કરતી હશે, એમ વિચારી તાપસીને પુછવા લાગી ત્યારે તાપસીએ કહ્યું કે મારા વૈરાગ્યનું નિમિત, ન પુછો તો સારૂં? રોહીણીને વધુ આશ્ચર્ય થતાં ફરી પુછયું ત્યારે ત્યારે તાપસી એ પોતાની હકીકત કહેવા માંડી.

શૌરીપુર નગરમાં સુંરસેન રાજાને ત્યાં હું પુત્રી તરીકે જન્મી. મારી માતા મને છેક નાની મુકી મરી ગઈ. તેથી પિતાની સાર સંભાળ નીચે હું પાઠશાળામાં ભણવા જતી હતી.

એક દિવસ મણિચંદ્ર નામે વિદ્યાધર મારા પર મોહ પામી મને ઉપાડી વૈતાઢય પર્વત પર લઈ ગયો. શરૂઆતમાં મને ગૌરી અને પ્રજ્ઞપ્તિ બે વિદ્યાઓ શીખવી પછી અમો બન્ને લગ્નની તૈયારી કરતાં હતાં તેવામાં તેના પુત્ર સુભદ્રવેગને દુર્બુદ્ધિ ઉત્પન્ન થવાથી પોતાના પિતાને મારી નાખ્યો. મને મારા રૂપ સૌંદર્ય ઉપર ભારે તિરસ્કાર થયો. સુભદ્રવેગ મારી માગણી કરે તે પહેલાં જ કિરણવેગ નામે એક વિદ્યાધરે આવી તેને હણી નાંખ્યો.

આ દ્રશ્ય જોઈ હું ધ્રૂજી ઊઠી મને મારા જીવન પર કંટાળો આવતાં એક મોટી વાવ પાસે આવી વડ ઉપર ચઢી તેમાં પડવાની તૈયારી કરતાં પાછળથી કિરણવેગે આવી મારો હાથ પકડ્યો. કિરણવેગ મને ચાહે છે. તેવું અંતરથી જાણી તેને હું પરણી તે મને પોતાને ત્યાં લઇ ગયો અને સુખે અમો દિવસો વિતાવતા હતા. પણ પછી.

એક દિવસે મેં તેને બીજી સ્રીમાં આશક્ત જોઈ. તેને ઘણું સમજાવતાં તે સમજ્યો નહિ. તેથી હું વૈરાગી બની ગંગા કિનારે રહેવા લાગી અને તપસ્વા ઉપર ચઢી ગઈ. તીર્થયાત્રા કરતાં કરતાં આજે અહિં આવી છું. રોહીણીએ કહ્યું કે આજે તમારા જેવા સત્પાત્રના દર્શન થવાથી મારી જાતને હું ભાગ્યશાળી માનું છું. મારી પ્રતિજ્ઞા સંપૂર્ણ ફળી ભુત થઇ હોય એમ લાગે છે. મારી વિદ્યા આપ અંગીકાર કરો એમ ઇચ્છું છું. તાપસીએ કહ્યું.

અમારે વિદ્યાની કંઇ જરૂર નથી છતાં રોહીણીએ તેને પરકાય પ્રવેશ વિદ્યા શીખવી પછી રોહીણીએ પૂછયું કે આપના જેવો કળવાન કયો પુરૂષ મારો ભર્તાર થશે તે કહો ? તાપસીએ ખોટો ડોળ કરી ધ્યાન લગાવી પછી કહ્યું કે થોડા દિવસમાં જ તમને ભર્તાર મળવો જોઈએ. તારૂં ભાગ્ય બહું ઉજળું દેખાય છે. રોહીણીએ કહ્યું તેની શું નીશાની ? ત્યારે તાપસીએ કહ્યું.

તમારા માળી મારફતે પુષ્પની કાંચળી જે મોકલે તેને તારો ભરથાર નક્કી સમજવો. એમ કહી જવાની આજ્ઞા માગી પરંતુ રોહીણીએ વધુ રોકાવા કહેતાં તેણીએ કહ્યું કે સંયમીને એક સ્થળે વધુ રહેવું નુકશાનકારક છે. એમ કહી બહાર નીકળી પોતાનું મૂળરૂપ કરી અંબડ દેવપટ્ટન પહોંચ્યો.

ત્યાં રાજાનો એક માળી રહેતો હતો તેને હેમતી નામે બુદ્ધિશાળી કન્યા હતી તે અંબડને જોઈ મુગ્ધ બની તેથી તેની માતાએ અંબડને કહ્યું કે મારી પુત્રી તમને ઝંખી રહી છે. તો તેને પરણી તેની ઈચ્છાપૂર્ણ કરો. અંબડે તે માંગણીનો સ્વિકાર કરતાં હેમતી ખુશ થઈ.

એક દિવસે તેણી એ અબંડને કહ્યું કે રાજા અને નગરનાં લોકો આશ્ચર્ય મુગ્ધ બને એવું કંઈક કરો કારણ કે ચમત્કાર વગર નમસ્કાર થતો નથી. અંબડે કહ્યું કે અવસરે બતાવીશ.

બીજે દિવસે માલણ ફુલહાર તોરા લઇ રાજસભામાં જતી હતી અંબડે હારતોરા જોવા માંગ્યા અને તેમાં મંત્રેલું ચૂર્ણ હારમાં નાખી હાર પાછો આપતા કહ્યું આ હાર ખુદ રાજાને આપજે અને બીજો હાર પ્રધાને આપજે. માલણે તે મુજબ કર્યું. પછી અંબડે બીજુ થોડું ચુર્ણ મંત્રી રાજાના પ્રધાનના અને નગરના કીલ્લા ઉપર નાખ્યું. તેથી.

રાજાના અંતઃપુરનો ગઢ, પ્રધાનનો ગઢ અને નગરનો કિલ્લો કંપવા લાગ્યો. તેથી નગરના લોકો ભય પામી ઘરમાં સંતાઈ ગયા. નક્કી કોઈ ભૂતપ્રેતનો ઉપદ્રવ થશે. તેમ માનવા લાગ્યા. તેઓ બધા રાજાને ફરીયાદ કરવા ગયા. રાજા ઉત્તર આપે તે પહેલાં તો રાજા અને પ્રધાન બન્ને મૂર્છિત બની ગયા. તેથી વૈદ્ય હકીમ ભુવાને બોલાવી ઘણા ઉપચાર કર્યા પણ કંઇ સુધારો થયો નહિં.

બીજે દિવસે રાજા અને પ્રધાન ભયંકર કીકીઆરીઓ પાડવા લાગ્યા. ત્રીજે દિવસે બન્ને નાગા થઈ નૃત્ય કરવા લાગ્યાં. ચોથે દિવસે ધૂળમાં આળોટવા લાગ્યાં. પાંચમે દિવસે ભાનભુલી મૃદંગ બજાવવા લાગ્યા અને છઠ્ઠે દિવસે પોક મુકી રડવા લાગ્યાં.

સાતમે દિવસે અંબડે માલણને પુછતા માલણે કહ્યું કે રાજાને પ્રધાન ગાંડાતુર બની ગયા છે. અને નગરમાં ઉપદ્રવ ઘણો થયો છે. જો તમે શાંત કરો તો મોટો ઉપકાર થશે. અંબડે કિલ્લાઓની સામે ઉભા રહી એક એવો મંત્ર ઉચ્ચાર્યો કે બધુ શાંત થઇ ગયું ત્યારે બધા અંબાડને નમી પડી કહેવા લાગ્યા કે રાજા અને પ્રધાનને પણ સારા બનાવી દ્યો તો આપ માગશો તે બધું અપાવીશું અંબાડે કહયું.

તમારા વગર કહ્યે હું કરી આપું, પરંતુ તેના બદલા ત કે અર્ધું રાજ્યને રાજકુંવરી મળે તથા પ્રધાનના ઘરમાં રવિચંદ્ર નામની દીવી છે. તે મળે એટલે મારૂં કામ સિદ્ધ થાય તેમ છે. રાજા, પ્રધાન અને નગરના લોકોએ મળી વિચારણા કરી અંબડની માંગણી કબુલ કરતાં થોડો આડંબર કરી બધાને સ્વસ્થ બનાવ્યા.

રાજાએ અડધું રાજ્ય તથા મદિરાવતી નામે પુત્રી અંબડને પરણાવી. મંત્રીએ પણ પોતાની કરમંજરી નામે પુત્રી પરણાવી ત્યા રવિચંદ્ર નામની દીવી પણ આપી. હવે અંબડ ત્રણે સ્રીઓ સાથે સુખ ભોગવતો રહે છે. પછી રોહીણી યાદ આવતાં સિંહપુર તરફ પ્રયાણ કર્યું.

માર્ગમાં એક બાઇને રૂદન કરતી સાંભળી અંબડે તેની પાસે જઇ જોયું તો બાઇના ખભા ઉપર એક બાળકનું શબ હતું અને તે ચોધાર આંસુ એ રડતી હતી. અંબડે પ્રેમથી તેને પુછતાં તેણીએ કહયું.

હું જાતે માલણ છું. મને મારા મા બાપે આ ગામમાં પરણાવી હતી. મને પુત્ર થતા મારા માતા–પિતાને મળવા પિયર ગઈ. ત્યાં આ પુત્રનું મરણ થયું. તેથી હવે પુત્રના શબની સાથે ચીતામાં હું બળી મરવા ઇચ્છું છું. અંબડે તેને ધર્મોપદેશ આપી કહયું.

મરણથી કોઇ છુટી શકે તેમ નથી પણ મરનારની પાછળ બળી મરનારનું અપ મૃત્યું ને અવગતિ થાય છે. ત્યારે તે બાઇએ કહયું કે આ બાળકની સાથે મને થોડી વાતચીત કરાવો તો આત્મહત્યા કરવાનું માંડી વાળીશ.

અંબડે તેને આત્મઘાતના પાપમાંથી બચાવવા બાળકનું શબ તેના ખંભા ઉપરથી ઉતરાવી ધરતીમાં મુકાવ્યું. પરકાય પ્રવેશની વિદ્યાના બળથી તે બાળકના શરીરમાં દાખલ થઈ તેની માતાને કહ્યું.

હે માતા ? તું રૂદન કરવું મુકી દે. જીવ પોતાના કર્મ વશે જીવે છે અને મરે છે. તારૂં જીવતર સુધાર ઘેર જઈ ધર્મ અરાધન કર. આ સાંભળી તેની માતાને ઘણો આનંદ થયો. પછી અંબડે તે બાળકના શરીરમાંથી નીકળી પોતાની કાયામાં આવી થોડા દિવસ માલણને ત્યાં રહયો. માલણે અંબડની બહુ જ પુજા ભકિત કરી પછી.

એક દિવસે માલણને કહયું કે તમે રાજાને ત્યાં ફુલ આપવા જાઓ છો ? તેણીએ હા કહી પછી અંબડે કંઇ વધુ વાત કરી નહિં. માલણનાં પુત્રને બોલતો કર્યાના સમાચાર નગરમાં ફેલાતાં અંબડની સૌ પ્રશંશા કરતા તે વાત રાજ કુંવરી રોહીણીના સાંભળવામાં આવી રોહીણીએ માલણ પાસેથી તેની બધી હકીકત જાણી અંબડને પ્રણામ કહેવરાવ્યા.

અંબડે પણ માલણ મારફત પુષ્પમય કંચુકી રાજકુંવરીને ભેટ મોકલી તે કંચુકી જોતા જ રોહીણીને તાપસીની વાર્તા યાદ આવવાથી મારો ભરથાર અંબડ આવી પહોંચ્યો છે.

એમ જાણી ભાઈને ખબર આપી ભાઇએ અંબડને સન્માનપૂર્વક બોલાવી પોતાની બ્હેન રોહિણી પુરણાવી. સર્વ સ્ત્રીઓ સાથે થોડો વખત ત્યાં રહી પોતાની જન્મ

ભૂમિમાં આવ્યો. અને ગોરખ યોગિની પાસે જઈ રવિચંદ્ર દીવી અર્પણ કરી યોગિનીએ અબંડને ખૂબ ધન્યવાદ સાથે આશીર્વાદ આપ્યો.

# છઠ્ઠો આદેશ

ફરી એકવાર યોગિની પાસે જતાં યોગિનીએ અંબડને છઠ્ઠો આદેશ કર્યો કે સીંધુસૌવીર દેશમાં કોડિન્ન નામે નગરમાં દેવચંદ્ર રાજાનો પુરોહિત સોમેશ્વરના ત્યાં સર્વાર્થ સિદ્ધિ નામે દંડ છે તે લઈ આવ. અંબડ વિના વિલંબે સિંધુસૌવીર દેશમાં પહોંચી ગયો. માર્ગમાં.

એક સ્થળે નદીના જળ પ્રવાહ ઉપર એક નાજુક ઝુંપડી તરતી જતી હોય તેમ લાગ્યું. તેમાં એક યોગી બેઠો બેઠો મૃગલીને પંખાથી હવા નાંખતો જોયો. મૃગલીના રૂપથી ઝુંપડીમાં અજવાળું દેખાતું હતું. ઝુંપડી પણ ખૂબ શણગારવામાં આવેલી દેખાતી હતી.

તરત તે આકાશમાંથી ઉતરી ભયંકરરૂપ કરી યોગીને આકાશમાં અધ્ધર ઉપાડી ગયો. અંબડ અને યોગી વચ્ચે યુદ્ધ જામ્યું. છેવડે યોગી ઘવાયો અને મરણ પામ્યો. એટલે અંબડ ઝુંપડી પાસે આવ્યો. તેમાં દાખલ થઈ જોયું તો મૃગલી એક સોનાની સાકળ વડે બંધાયેલી ઉંડા વિશ્વાસ નાંખી રહી હતી. પાસે રત્નમય કુંડળવાળો એક પુરૂષ સુવર્ણમય પડયો હતો. તેની પડખે શ્વેત અને લાલ રંગની નેતરની સોટીઓ પડી હતી. અંબડે મૃગલીને બોલાવવા પ્રયત્ન કર્યો પણ તે બોલી શકી નહીં. તેથી નેતરની

સોટી મારતાં તે મૃગલી મટીને રુપવતી રંભા સમાન યુવતી બની ગઈ. અંબડ તેનું રૂપ જોઈ અંજાઈ ગયો. તેણીને પુછયું કે તમે આ યોગીના પંજામાં કેવી રીતે સપડાયાં અને આ સુવર્ણ પુરૂષ કોણ છે તે કહો. યુવતીએ કહ્યું મારી વિતકવાત આપ ધ્યાન દઈ સાંભળો.

બંગદેશમાં ભોજકટક નામે નગરનાં રાજા ગૈરસિંહની રત્નવતી નામે હું પુત્રી છું. પિતાની આજ્ઞા મેળવી હું વિલાસ કુપમાંથી પારો લેવા અશ્વ પર સ્વાર થઈને નિકળી મારા કમ નસીબે અશ્વને ઉંધુ શિક્ષણ મળેલું હોવાથી તે મને ગાઢ જંગલમાં લઈ ગયો. ત્યાં એક યોગીએ મને જોઇ તે મને મેળવવા યુક્તિ પ્રયુક્તિ કરવા લાગ્યો.

એક દિવસ સારૂં મુહુર્ત જોઈ તે યોગી મારા પિતાની રાજ સભામાં આવ્યો અને સૌની અજાયબી વચ્ચે એક કેળનો થંભ ઉપજાવ્યો. મારા પિતા અને બીજા દરબારીઓએ તેને મહાત્મા સમજી સારો આદર સત્કાર કર્યો. તેણે અદ્‌ભૂત પ્રયોગ કરી બતાવવા રાજાને વિનંતી કરી કહ્યું.

તલવારથી આ કેળનો થાંભલો ચીરી નાંખો. રાજાએ તે કેળના થાંભલા પર ઘા કરતા તેમાંથી એક અગણિત રૂપ સૌંદર્યવાળી નવ યૌવના નિકળી. રાજાએ યોગીને પૂછયું કે આ દ્રશ્ય સાચું છે કે ઈન્દ્ર જાળ છે? યોગીએ કહયું કે આ તદ્દન સાચું છે. આ યુવતી મણિયોગ વિદ્યાધરની પુત્રી રત્ન માળા છે. તમને પરણાવવા માટે જ મેં સભામાં આણી છે. રાજા તે યુવતીને જોઈ કામ વશ થતા

યોગીએ કહ્યું કે મારી એક શરત તમારે પાળવી પડશે. રાજાએ કહ્યું કે એક શું ? અનેક શરતો પાળવા કબુલ છું. ત્યારે યોગીએ કહ્યું.

હું જે સાધના કરી રહયો છું તે આઠમે પુરી થાય છે. તે વખતે તમારી પુત્રી રત્નવતીને સાથે લઈ શ્રીપર્ણી નદીના કિનારે સાંજે આવી જવું. રાજાએ કબુલ કર્યું. તેથી યોગી પોતાના સ્થાને ગયો. પછી મંત્રી વગેરેએ રાજાને કહ્યું કે આવા ચમત્કાર કરનારા યોગીઓ પ્રાયે મહાધુર્ત અને નિર્દય હોય છે તો રાજકુંવરીને લઈને ત્યાં જવું. કોઈ રીતે યોગ્ય નથી પરંતુ રાજા રત્નમાળામાં ભાન ભુલ્યો હોવાથી તેણે કહ્યું કે મેં યોગીને વચન આપ્યું છે. તે વચન મારે પાળવું જોઈએ.

અષ્ટમીની સાંજે યોગી મારા પિતાને બોલાવવા આવ્યો. મારા પિતા જવા તૈયાર થયા. યોગીએ કહ્યું કે રાજકુંવરી વિના સિદ્ધ થાય તેમ નથી. તમે વચન આપ્યું તે પાળવું જોઈએ. ન છુટકે રાજાએ મને સાથે લીધી. માર્ગમાંથી શ્વેત અને લાલ રંગની બે નેતરની સોટીઓ યોગીએ લીધી. તે મેં જોઈ. પછી અમે બધાં શ્રીપર્ણી નદી કિનારે પહોંચ્યા.

ત્યાં એક ગુફામાં અમને લઈ ગયો. તેમાં અગ્નિકુંડ બળતો હતો. તેની પાસે બેસી તે હોમની ક્રિયા કરવા લાગ્યો. મારા પિતાને પણ આનું પરિણામ ખરાબ આવશે એમ લાગ્યું. પરંતુ આવી ભરાણા પછી વિચાર

શું કામના ? ખરેખર ? તે યોગી નિર્દયી હતો. તેણે મને શ્વેત નેતરની સોટી મારી તેથી હું તત્કાળ મૃગલી બની ગઈ. પછી મારા પિતાને કહ્યું કે આ ત્રણ ગોવી અગ્નિકુંડમાં નાંખી મને પગે લાગો. મારા પિતાએ ના છુટકે તેના કહેવા મુજબ કર્યું. મસ્તક નમાવતાં મારા પિતાને ઉંચકીને અગ્નિકુંડમાં નાંખ્યા. તેથી તે સુવર્ણ પુરુષ બની ગયા.

આ પ્રમાણે પોતાની કાર્ય સિદ્ધ થતાં મને દોરીથી બાંધી ઝુંપડીમાં લઇ ગયો. પોતે સુવર્ણ પુરૂષને લઈને ઝુંપડીમાં બેસી નદીના પ્રવાહમા વહેતી મુકી. પછી શું બન્યું તે બધું આપ જાણો છો. આપે તે યોગીને હણ્યો તેથી મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. અંબડે કહ્યું એ તો ઠીક પણ આ કુંડળો કયાંથી મળ્યાં ? તેણીએ કહ્યું.

કાળીકા દેવીની આરાધના કરવાથી દેવીએ પ્રસન્ન થઈ આપ્યાં છે. એક કુંડળ આકાશ તરફ ફેંકયું હોય તો એક વર્ષ સુધી ચંદ્રની જેમ ઉજવળ પ્રકાશ આપ્યા કરે. બીજું કુંડળ ફેંકયું હોય તો બે વર્ષ સુધી સુર્યની જેમ પ્રકાશ આપ્યા કરે તેવો તેનો પ્રભાવ છે પછી અંબડે પોતાના સ્વાભાવિક રૂપ કરતાં રાજકુંવરી તેના રૂપમાં મુગ્ધ બની કહેવા લાગી કે મને આપની પત્નિ બનાવો તો મારૂં જીવન સાર્થક થાય ? કુંવરીના અતી આગ્રહથી અંબડે તેની સાથે ગાથે ગાંધર્વ લગ્ન કર્યાં.

એક દિવસ રત્નવતીએ કહ્યું કે હે સ્વામિન ? મારા

પિતાના રાજ્યમાં મારો ભાઈ રાજ્ય ચલાવતો હશે. તે મારા અને પિતાના વિયોગથી દુઃખી થતો હશે. તેને મળીએ તો સારું. અંબડ રત્નવતીને લઈ તરત ભોજકટક નગરે આવ્યો. ત્યાં તો દુશ્મનોની સેના કિલ્લાની આસપાસ ઘેરો ઘાલી પડ્યા હતા. રત્નવતીએ અંબડને કહ્યું કે આ બધા અમારા ભાયાતો રાજ્ય પડાવી લેવા આવ્યા છે. હવે આપની શક્તિ અજમાવી રાજ્યને છિન્ન ભિન્ન થતું અટકાવો.

અંબડ ભયંકર રૂપ કરી હાથમાં મુદ્‌ગર લઈ શત્રુ-સેના પર તુંટી પડ્યો. તેથી તમામ સેના ભાગી ગઈ. અંબડ રત્નવતીને લઈ તેના ભાઈને મળ્યો. સમરસિંહને બ્હેન મળવાથી ભારે આનંદ થયો. રત્નવતીએ અંબડની ઓળખાણ કરાવી એટલે અંબડનું સામૈયું કરી વિધિપૂર્વક પોતાની બ્હેન અંબડ સાથે પરણાવી.

હવે એક રાત્રીએ રત્નવતીને સૂતી મુકી અંબડ સિંધુસૌવીર દેશના કૌડિન્ન નગરે ગયો. પ્રાતઃકાળે એક માણસ સામો મળ્યો. તેને સોમેશ્વર બ્રાહ્મણનું ઘર ક્યાં આવ્યું ? તે પુછતાં તેણે કહ્યું કે સોમેશ્વર નામના ઘણા બ્રાહ્મણો છે તેમાંથી કયા સોમેશ્વરને ત્યાં જવું છે તે કહો. તેનો જવાબ અંબડ આપી શક્યો નહિ. તેથી કામદેવ-યક્ષના મંદિરમાં જઈને બેઠો થોડીવારમાં.

એક યુવતી મંદિરમાં આવતી જણાઈ. અંબડ શાંત પણે ત્યાં બેઠો હતો. તેથી તે યુવતી એક પાષાણની પુતળી પાસે જઈને ઉભી રહી. તે મૂર્તિ ક્રોધથી કંપતા સ્વરે બોલી

કે અરે ચંદ્રકાન્તા ? આજે કેમ મોડું થયું ? તેણીએ કહ્યું કે મારા પિતા સોમેશ્વરને રાજાજી પાસેથી આવતા વાર લાગી. તેથી મોડું થયું છે. પછી તે બન્ને સખીઓએ કામદેવની આગળ નૃત્ય તથા ગીત ગાયાં. અંબાડે તે બાળાઓ પાસે જઇ પુછયું કે તમે કોણ છો ? તે સાંભળી ચંદ્રકાંતાએ સામે પ્રશ્ન કર્યો કે તમે કોણ છો ? અંબડે કહ્યું કે મારૂં નામ પંચશિર્ષ છે. ચંદ્રકાન્તાએ સખીને કહ્યું કે જો તને હરકત ન હોય તો આજે વાસવદત્તા સખીને ત્યાં જઈએ સખીએ કહ્યું કે સારથી વિના એટલે દુર કોણ પહોંચાડે ? ચંદ્રકાંતાએ કહયું કે અવસરે જે મળે તે સારથી.

આ પંચશિર્ષ લઇ જાય તો જઈએ. અંબાડે કહયું કે 'તમો કહેશો ત્યાં લઈ જઉં પણ તમારી વિદ્યા મને શીખવવી પડશે. તેઓએ તે કબુલ કર્યું અને બહાર નીકળી બાળકોને રમવાની એક નાની ગાડીમાં બન્ને સખીઓ બેઠીં અને ગાડી ચલાવાનું પંચશિર્ષને કહ્યું.

પંચશિર્ષેને કહયું કે બળદ વિના ગાડી શી રીતે ચલાવવી. ચંદ્રકાંતાએ કહયું કે બળદ હોય તો નાનું છોકરૂં પણ હાંકે, આતો રેતીમાં વહાણ ચલાવવાનાં છે. અંબાડે કહ્યું કે બળદ વિના મારાથી ગાડું હંકારાશે નહિ ત્યારે ચંદ્રકાંતાએ કહયું.

તમે નિશ્ચિત થઈ ગાડી ઉપર બેસો અમે ચલાવીએ તે તમે જોયા કરો. ચંદ્રકાંતાએ વિદ્યાના બળથી ગાડીને ઉડાડવા પ્રયત્ન કર્યો પણ ગાડી જરા પણ ખસી નહિ.

તેથી અંબડે કહ્યું કે ક્યાં ગઈ તમારી વિદ્યા? સખીઓ સમજી કે આ પંચશિર્ષે જ ગાડી અટકાવી લાગે છે. એટલે કરગરીને કહેવા લાગી કે દેવ પુરૂષ? નાહક અમને શા સારૂં પજવો છો? અંબડે કહ્યું.

તમારી વિદ્યા મને શિખવો તો હુ તમને લઈ જઈશ. પછી તેઓએ અંબડને વિદ્યા શીખવી એટલે વગર બળદે તેઓને પાતાળપુરીમાં વાસવદત્તાના ઘેર લઇ ગયો. વાસવદત્તાએ સખીઓનો સારો સત્કાર કર્યો. તેણીએ જે ભેટો આપી તે બધી ચંદ્રાકાંતાએ પંચશિર્ષની આગળ મુકી ત્યારે વાસવદત્તાએ પુછ્યું કે આ નવીન પુરૂષ કોણ છે? ચંદ્રકાન્તાએ કહ્યું. કે તે અમારો નવો સારથી છે?

એજ પાતાળપુરીમાં નાગશ્રી નામે એક બીજી સખી રહેતી હતી. તે ત્રણે સખીઓ અંબડને લઈ નાગશ્રી પાસે ગઈ. નાગશ્રીએ પણ સારો સત્કાર કર્યો પછી ચારે સખીઓ પરસ્પર વાતો કરવા લાગી ત્યારે અંબડ પાન બીડા બનાવી તેમાં થોડું થોડું ચુર્ણ નાંખી દીધું. ભોજન કરી પાન ચાવતાં બધી સખીઓ મૃગલી બની ગઈ. પાતાળ ભૂમિમાં સઘળે હાહાકાર મચી ગયો.

અંબડે ચંદ્રકાંતા મૃગલીને લઇ નગર તરફ પ્રયાણ કર્યું અને તેના બાપને ઘેર પહોંચાડી પુરોહિતે પોતાની પુત્રી મૃગલી બની જતાં રાજાને ખબર આપી. રાજા પણ ત્યાં આવ્યો ત્યારે અંબડને બળદ વિના ગાડું હાંકતો જોઈ આ કોઈ સિદ્ધ પુરૂષ લાગે છે. એમ રાજાએ કહ્યું.

હે સિદ્ધ પુરૂષ? આપની ઓળખાણ આપો તો આનંદ થશે. અંબડે કહ્યું કે હું વિદ્યાધર છું. એમ કહી પોતાનું ત્રિભુવન મોહન સ્વરૂપ પ્રગટ કરતા લોકોને ઘણું આશ્ચર્ય થયું. રાજાએ કહ્યું.

હે સિદ્ધ પુરૂષ! અમારા પુરોહિતની પુત્રી મૃગલી બની ગઈ છે. તેનો આપ ઉદ્ધાર કરો તો હું અને પુરોહિત બંને આપના દાસ બનીશું. અંબડે કહ્યું ત્યાં જઇને જોઉં પછી વાત. રાજા તેને પુરોહિતને ઘેર લઈ ગયો. તેણે બારીકાઈથી મૃગલીનું નિરિક્ષણ કરી કહયું કે તમારૂં કામ કરી આપુ તો શું આપશો? રાજાએ કહયું જે માગશો તે આપીશું અંબડે કહયું.

પુરોહિતના ઘરમાં સર્યાર્થ સિદ્ધિ નામે દંડ છે તે આપો તો કરી આપીશ રાજા અને પુરોહિતે તેની માગણી કબુલ રાખતાં લાલ નેત્તરની સોટી ચંદ્રકાંતા મૃગલી ઉપર ઉગામી. મંત્રોચ્ચાર ભણી તેને અડાડી કે મૃગલી મટીને ચંદ્રકાંતા બની ગઇ.

સોમેશ્વર પુરોહિતે દંડ આપ્યો. એટલું જ નહિ પણ પુત્રીને અંબડ સાથે પરણાવી અંબડે ચંદ્રકાંતાના આગ્રહથી પાતાલપુરીમાં જઈ ત્રણે સખીઓનો પણ ઉદ્ધાર કર્યો. પછી તે ચંદ્રકાંતાને લઈ કોડીન્ન નગરમાં આવી દેવચંદ્ર રાજાની આજ્ઞા લઈ ભોજકટ નગરમાંથી સર્વ વસ્તુ તથા રત્નવતીને લઇ પોતાના રથનુપુર નગરમાં આવી ગયો.

# સાતમો આદેશ

અંબડ ગોરખ યોગિની પાસે આવી દંડ તેમની આગળ મુકી બધી હકીકત કહી એટલે યોગિનીએ તેને ઘણો ધન્યવાદ આપ્યો. ફરી એકવખત આવી છેલ્લો આદેશ ફરમાવો એમ કહેતાં યોગિનીએ કહ્યું કે સોપારક નગરમાં ચંડીશ્વર રાજાના મુગટમાં એક વસ્ત્ર છે તે લઈ આવ? યોગિનીને નમસ્કાર કરી અંબડ સોપારક પુરે ગયો માર્ગમાં એક વનમાં મનોહર ફળોથી લચી પડેલું વૃક્ષ જોયું. અંબડ હાથ લંબાવી તે ફળ લેવા જતાં વૃક્ષની શાખામાં છુપાઇ રહેલા વાંદરાએ કહયું.

હે સત્પુરૂષ ફળ તોડવાનું પરિણામ સારૂં નહિ આવે પહેલા આ બાગની દક્ષિણે તુંબગિરિ પર્વત પર મનોહર આમ્રવૃક્ષ છે, તેના ફળ લાવ પછી ખુશીથી આ વૃક્ષના ફળ લઈ શકીશ.

અંબડને તે કામ સરળ લાગતા તુંબગિરિ ગયો ને આમ્રવૃક્ષ તોડવા જતાં તે ડાળી ઉંચેને ઊંચે જવા માંડી અંબડ મુંઝાયો. પણ કંટાળ્યા વગર વૃક્ષ પર ચઢી બેઠો. એટલે તે વૃક્ષ આકાશ માર્ગે ઉડયું અને નંદન વનમાં સ્થીર થયું. અંબડ વૃક્ષ પરથી ઉતરી થાક ખાવા બેઠો ત્યાં એક સ્થળે અગ્નિકુંડ સળગતો જોયો. તેની આસપાસ અલંકારથી સુશોભીત કેટલીક યુવતીઓ આવજા કરતી જોઈ. ગીત ગાન પણ ચાલતું હતું.

તે વખતે એક દિવ્ય પુરૂષ અંબડ પાસે આવ્યો અને હસી પડયો. તેના મોમાંથી હાહા વાનર? હાહા પેલું આમ્રવૃક્ષ કેવી મઝા! એવા ઉદ્‌ગાર નિકળ્યા. અંબડે કહ્યું કે તમે કોણ છો અને આ બધું શું છે? તેણે કહયું કે આ રહસ્ય મોટું છે. માટે ધ્યાન આપીને સાંભળો.

પાતાળ લોકમાં લક્ષ્મીપુર નગરનો હું હંસ નામે રાજા છું. વાનર પણ મારૂં જ રૂપ હતું અને આમ્રવૃક્ષનું રૂપ પણ મેં જ કર્યું હતું. આ નાટક વગેરે કેમ થાય છે તે પણ સાંભળો. અહિં શિવંકર નામનું નગર છે તેનો શિવંકર નામે રાજા અપુત્રીઓ હોવાથી પુત્ર મેળવવા ઘણી માન્યતાઓ કરી પણ તેના મનોરથ ફળ્યા નહિ પછી.

એક દિવસ વિશ્વ દીપક નામના તાપસે રાજાની ભકિતથી પ્રસન્ન થઈ એક ફળ આપી કહ્યું કે તમે તમારી સ્ત્રી સાથે બેસી ફળ ખાશો એટલે તમને પુત્ર થશે એમ કહી તે ગયો. શિવંકર રાજાએ મુર્ખાઇ કરી તે ફળ તેણે એકલાએ જ ખાધું. મંત્રનો પ્રભાવ અચિંત્ય છે. રાજાના પેટમાં દુઃખાવો થવા લાગ્યો, વૈદ્યોએ તપાસ કરી કહ્યું કે રાજાના પેટમાં ગર્ભ રહ્યો છે. કર્મની વિચિત્રતાઓ સંસારમાં શું નથી કરતી.

રાજા કોઈને મોઢું બતાવી શકે તેવું રહ્યું નહિ. એમ કરતાં સાત મહીના થઈ ગયા. આ દુઃખદાયક વાત વિદ્યાધરોના કાને જતાં તેઓને પણ ઘણી નવાઇ લાગી અને રાજાનું દુઃખ દુર કરવા નિશ્ચય કર્યો. એક વિદ્યાધરે કહયું

કે જો ધરણેન્દ્રની આરાધના કરી એ તો તેનું દુઃખ પલકમાં જતું રહે. બીજાએ કહયું કે આ સ્થિતિમાં રાજા ધરણે-ન્દ્રનું આરાધન કરે એ અશકય છે.

આ વખતે રાજાનો ભાઈ ત્યાં ઉપસ્થિત હતો. તેણે ભાઈના સુખ માટે ધરણેન્દ્રનું આરાધન કરવાની કબુલાત આપી બેસી ગયો. સાતમે દિવસે ધરણેન્દ્રનું આસન કંપતાં તેણે પ્રત્યક્ષ થઈ પુછતાં શિવંકરના ભાઈએ કહ્યું કે મારા ભાઈની વેદના દુર થાવ એટલું જ માગું છું ધરણેન્દ્રે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનું સ્નાત્ર જળ લાવી તેને આપી કહ્યું.

તારા ભાઈને પીવડાવજે એટલે વેદના મટી જશે. ભાઈએ શિવંકર પાસે જઈ જળ પીવડાવ્યું એટલે વેદના મટી ગઈ. બરાબર નવ મહિને પુત્ર અવતર્યો. શિવંકર રાજા પ્રસૂતીમાં જ મરણ પામ્યો. તેથી બાળકની જવાબદારી ધર-ણેન્દ્રે સંભાળી, પછી ઉંમર લાયક થતાં ધરણેન્દ્રે તેને પાતાલપુર નગર વસાવી રાજગાદીએ બેસાડયો છે તેનું ધરણેંદ્ર ચુડામણી નામ રથાપ્યું છે.

આ અગ્નિકુંડની અંદરથી ત્યાં પહોંચવાનો સરસ રાજમાર્ગ છે. ત્યાંની પ્રજા ધરણેન્દ્રે જ વસાવી છે. અમારા માટે ખાસ સુવર્ણમય જિનાલય બંધાવ્યું છે તેમાં પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પણ એમણે જ પધરાવી ધરણેન્દ્ર હવે એવી આજ્ઞા ફરમાવી છે કે સોળ વર્ષની ઉપરનો કોઈપણ વિદ્યાધર

એ પ્રભુના દર્શન વિના ભોજન કરી શકે નહિ. પર્વતિથીમાં જો કોઈ દર્શન કર્યા વિના ખાય તો તેની વિદ્યા નાશ પામે અને ભયંકર કોઢનો વ્યાધિ થાય. રાજા ધરણેન્દ્ર ચુડામણી પાસે જે ચંદ્રકાંત મણીવાળું સિંહાસન છે તે પણ ધરણેન્દ્રે જ આપ્યું છે. આજે અષ્ટમીનો દિવસ હોવાથી સર્વ વિદ્યાધરો સાથે મળી પૂજા ભક્તિ કરી રહ્યાં છે. અંબડે કહ્યું.

મને તે પ્રતિમાના દર્શન કરાવો? એટલે પછી તે હંસરાજા અંબડને લઈ ચૈત્યમાં ગયા. ત્યાં પાર્શ્વ પ્રભુની પ્રતિમા જોતાં અંબડનો ભક્તિ ભાવ ઉછળ્યો. અંબડના પુછવાથી હંસરાજાએ પ્રભુના જન્મથી નિર્વાણ સુધીનું સઘળું ચરિત્ર કહી બતાવ્યું. છેવટે કહયું.

ખરા દેવ વીતરાગ છે. બાકી તો જગતમાં ઘણાં દેવ દેવીઓ છે પણ તે બધામાં ઓછેવત્તે અંશે રાગદ્વેષ રહેલા જ છે આ બધું સાંભળી અંબડને દેવગુરૂ ધર્મ ઉપરની શ્રદ્ધા-થતાં તેના અંતર ચક્ષુ ખુલ્યાં. તેણે પોતે પ્રભુની સ્તુતિ સ્તવન કરી ગીત નૃત્યથી આત્માને પાવન કર્યો. હંસ રાજાએ કહ્યું કે આપને અહિં કેમ લાવ્યો છું. તે સાંભળો.

એક વખત ધરણેન્દ્ર ચુડામણી રાજા પર્વને દિવસે જિન પ્રતિમાનું દર્શન કરવા ભુલી ગયા અને ભોજન કર્યું. તે દિવસથી તેમની બધી વિદ્યાઓ નાશ પામી અને

ભયંકર કોઢનો વ્યાધી થયો છે. તેમણે ધરણેન્દ્રનું સ્મરણ કર્યું. ધરણેન્દ્ર દેવે પ્રત્યક્ષ થઈ કહ્યું કે તમે મારી આજ્ઞા લોપી છે. તેનું આ પરિણામ છે. હવે કંઇ પણ થઇ શકે તેમ નથી એમ કહી ગયા.

રાણીજીને આ આપત્તિ આવવાથી ઘણું દુઃખ થયું. તેઓ ચારે આહારનો ત્યાગ કરી પ્રભુના ધ્યાનમાં બેઠા. એકવીશ દિવસના ઉપવાસ થતાં કંઠે પ્રાણ આવ્યા ત્યારે ધરણેન્દ્રે સ્વપ્નમાં રાણીને કહ્યું કે તારી ધર્મશ્રદ્ધા અને પતિ ભક્તિ જોઇ હું પ્રસન્ન થયો છું. તારા પતિને જીવતો રાખતો હોય તો એક ઉપાય છે.

સોપારકપુરની પાસે આવેલી દેવબ્રહ્મ નામની વાડીમાં શ્રીફળ તોડવા સારૂં અંબડ નામે સિદ્ધ પુરૂષ આવ્યો છે તેને અહિં બોલાવ? તે જ તારા પતિનો કોઢ રોગ મટાડશે. આપને અહિં કેમ લાવ્યો છું તે આ વાત ઉપરથી જાણી શકશો. આજે અગ્નિકુંડ છે. તે કુંડની અંદર થઇને લક્ષ્મીપુર જવાનો સીધો માર્ગ તૈયાર કરવામાં આવ્યો છે. આપણે પણ તે જ રસ્તે જઇશું.

હવે હંસરાજા અને અંબડ તે રસ્તે લક્ષ્મીપુર ગયા. ધરણેન્દ્ર ચુડામણી રાજા કોઢના રોગથી રીબાતો જોઈ અંબડે રાજા પાસે પાર્શ્વનાથ પ્રભુની તથા ધરણેન્દ્રની પુજા કરાવી. દાન પુણ્યાદિ વિધિ વડે તેનાં પાપ નષ્ટ થયાં, પછી મંત્રેલું પાણી પાઇ રાજાને નિરોગી બનાવ્યો. પટ્ટરાણીએ અંબડનો અંતઃ

કરણુ પૂર્વક ઉપકાર માન્યોઃ સારૂં મુહુર્ત જોઈ રાજા ધરે ણેન્દ્ર ચુડામણીએ પોતાની મદન મંજરી નામે પુત્રી અંબડ વેરે પરણાવી. કરીયાવરમાં ઘણા હાથી ઘોડા તથા ધરણેન્દ્રે આપેલું મણીવાળું સિંહાસન પણ અર્પણ કર્યું. અંબડ ત્યાં રહી બીજી વિદ્યાઓ પણ શિખ્યો પછી મદન મંજરીને લઈ.

સોપારક નગરે આવ્યો. ત્યાં કેટલાક ચમત્કારો બતાવી લોકોના મન જીતી લીધાં જે કાર્ય માટે આવ્યો હતો તે હવે વિના વિલંબે પુરૂં કરવા ઉપાય શોધતો હતો. તેવામાંને રાજા પરિવાર સાથે વસંતોત્સવ ઉજવવા ઉદ્યાનમાં જતો જોયો. રાજકન્યા સુરસુંદરી પણ સાથે હતી. અંબડ તેઓની પછવાડે ઉદ્યાનમાં આવી મોહની વિદ્યાનો પ્રયોગ સુરસુંદરી ઉપર કર્યો પોતે યોગીના વેશે તેનાં પાસે ઉભો રહ્યો.

સુરસુંદરી યોગીને જોઇ મંત્ર મુગ્ધ બની ગઈ. યોગીએ રાજકુમારીને આશીર્વાદ આપ્યો અને બગં અને કલિંગ દેશની અદ્દભૂત વાતોઓ કહી રાજકુમારીનું હૃદય પરવશ બનાવી દીધું. પછી થોડી વિભૂતિ મંત્રી રાજકુમારીના હાથમાં મુકી તે તેણીએ મસ્તકે ચઢાવી યોગીએ જાણ્યું કે પોતાનો હેતુ હવે સફળ થશે એમ માની ચાલ્યા ગયા.

સખીઓએ આ વાત રાજાને જણાવી રાજાએ વિચાર્યું કે યોગી ખરેખર મારી પુત્રીને ભરમાવવા અહિ સુધી

આવ્યો હશે. તેથી તેને પકડી લાવવા પોતાના સુભટોને મોકલી દીધા. રાજાના સુભટોને પોતાની પાછળ આવતાં જાણી અંબડે તેમની તરફ મોહીની વિદ્યા મુકતાં તે પણ તેને વશ થઈ ગયા સુભટોને પાછા આવતાં વિલંબ થવાથી સેનાપતિને મોકલ્યો. અંબડે સેનાપતિને આવતો જોઇ વેતાળનું રૂપ ધારણ કર્યું. તેથી સેનાપતિ દોડીને રાજાની પાસે પહોંચી ગયો. છેવટે રાજા સૈન્ય સાથે તે યોગી પર ધસી આવ્યો અને યોગી પર બાણો ફેંકવા લાગ્યો.

અંબડ વિદ્યાના પ્રભાવથી બાણોને સ્થંભીત કરી દેતો જોઇ આ કોઇ સિદ્ધ પુરુષ છે એમ રાજાને લાગ્યું. પછી અંબડે સ્થંભીની વિદ્યાનો પ્રયોગ કરી રાજાને થંભાવી દીધો અને તેના મુકુટને વિષે રહેલું વસ્ત્ર ખેંચી લીધું. પોતાના પિતાને યોગીએ થંભાવી દીધો છે એવું જાણી રાજકુંવરી ત્યાં આવી. તેણી યોગીને કરગરી કહેવા લાગી. કે કૃપા કરી મારા પિતાને છુટા કરો. આપનો અમારાથી જે કંઇ અપરાધ થયો હોય તેની માફી માગીએ છીએ, કુંવરીની પ્રાર્થના સાંભળી અંબડે રાજાને ત્યા સર્વ સૈન્યને છુટા કરી દીધા.

રાજાને પોતાની ભુલ સમજાઈ ગઈ. તેજ વખતે અંબડ પોતાનું મૂળ સ્વરૂપ કરી રાજા પાસે આવ્યો રાજા તેને નમી પડયો અને પોતાની પુત્રી સુરસુંદરી અંબડને પરણાવી. કુંવરીને ઘણો દાયજો આપી સન્માનપૂર્વક અંબડને વિદાય ગિરિ આપી.

અંબાડ બન્ને સ્ત્રીઓ અને રાજાએ આપેલી ભેટો લઈ પોતાના નગરમાં આવ્યો. ત્યાંથી સીધો ગોરખ યોગીની પાસે જઈ મુકુટનું વસ્ત્ર તેમના ચરણમાં મુકયું. સાતે આદેશ પુરા થતાં યોગિનીએ પ્રસન્ન થઈ તેને અંતરના આશીર્વાદ આપ્યા. અંબડ તે આશીર્વાદ માથે ચઢાવી ઘેર આવ્યો.

આ સાતે આદેશમાં તે કુલ બત્રીસ સ્ત્રી પરણ્યો ચંદ્રાવતી, રાજહંસી, વગેરે આઠ, આંધારીકા, ચંદ્રયશા, રાજલદેવી, રૂપીણી વગેરે પાંચ અમરાવતી, મદીરાવતી, કરમંજરી દેમતી, રોહીણી, રત્નવતી, ચંદ્રકાંતા, નાગશ્રી, વાસવદત્તા, કૈત્તલીકા, મદનમંજરી સુરસુંદરી વગેરે બત્રીસ સ્ત્રીઓ સાથે સુખ ભોગવતો રહે છે અને નિત્ય યોગિનીને વંદન કરવા જાય છે. આ બધી વાત અંબડનો પુત્ર કુરૂબક રાજા વિક્રમ સિંહને કહે છે.

વિક્રમસિંહ રાજા શ્રીવાસનગમાં રાજ્ય કરે છે અને દાતાર તરીકે પ્રખ્યાત છે. એવું જાણી નિર્ધન થયેલો કુરૂબક તેમની પાસે આવે છે. પોંતાના પિતા અંબડના પરાક્રમની વાત ઉપર મુજબ જણાવી આગળ વર્ણન કરતાં કહે છે કે મારી માતાનું નામ ચંદ્રાવતી હતું. હું જ્યારે આઠ વર્ષની ઉમરનો હતો ત્યારે યોગિનીએ પોતાની ધ્યાન કુંડલી નીચે રહેલો હરિચંદ્ર રાજાનો ધન ભંડાર મારા પિતાને બતાંવ્યો એ ભંડારની ચોકી વૈતાલ નામે દેવ કરતો હતો તેણે જ પ્રસન્ન થઈને યોગિનીની હાજરીમાં એ ધન ભંડાર મારા પિતાને સમર્પણ કર્યો હતો. મારા પિતાએ યોગ-

નીના કહેવાથી ધરણેન્દ્ર ચુડામણી વાળું રત્નસિંહાસન તેમજ સુવર્ણ પુરુષ વૈતાલને સમર્પિત કરેલું તે બધું સુરક્ષિત છે.

એ વાત મારા પિતાએ મને કરી હતી. ગોરખ યોગિનીના સ્વર્ગવાસ પછી મારા પિતાને સંસારના સુખ ઝેર જેવા થઈ પડયા હતા. એક દિવસ તેઓ બત્રીસે સ્ત્રીઓના પરિવાર સાથે વનક્રીડા કરવા ગયા. ત્યાં મુનિરાજનાં દર્શન થતાં ઘોડા ઉપરથી ઉતરી તેમને વંદન કર્યું. તે મુનિરાજનું નામ કેશીગણધર હતું. તેમણે યોગ્યતા જાણી મારા પિતાને ધર્મોપદેશ આપ્યો.

તેની બહુ સારી અસર થઈ તેથી કેશી ગણધરને વિનંતી કરી પોતાને ત્યાં લઇ ગયા અને દરરોજ તેમના મુખેથી ધર્મોપદેશ સાંભળવા લાગ્યા. પરિણામે સમકિત મૂળ બારવ્રત તેમણે લીધાં. તે દિવસથી તેઓ બારવ્રતધારી શ્રાવક ગણાયાં.

એક વખતે શ્રી મહાવીર પ્રભુ વિહાર કરતાં વિશાલા નગરીમાં સમોસર્યા તે સમાચાર મળતાં અંબડ તેમને વંદન કરવા ગયો, પ્રભુની દેશના સાંભળી પછી તેણે પુછ્યુ કે મારો મોક્ષ કયારે થશે? પ્રભુએ કહ્યું કે, હે અંબડ! આવતી ઉત્સર્પિણીમાં તું દેવ તીર્થંકૃત નામનો બાવીસમો તીર્થંકર થઈ મોક્ષે જઈશ.

એ જાણી અંબડને ઘણો હર્ષ થયો. પછી તેમને વંદન કરી કહ્યું કે હું ચંપાનગરી તરફ જવા ઈચ્છું છું.

પ્રભુએ કહ્યું કે ચંપા નગરીમાં તારીજ સાધર્મિકા સુલસા નામે શ્રાવિકા વસે છે તેને મારા ધર્મલાભ કહેજે અને અમારી વતી સુખ શાતા પુછજે. અંબડને આ સાંભળી બહુ આશ્ચર્ય થયું કે પ્રભુ પોતે શ્રાવીકાને ધર્મલાભ કહેવડાવે છે તો તે શ્રાવીકા કેવી દૃઢ હશે તેની હું પરીક્ષા કરું. એમ વિચારતો તે ચંપામાં આવ્યો.

પૂર્વ દિશાના દરવાજા પાસે સાક્ષાત ચતુર્મુખ બ્રહ્માનું રૂપ કરીને બેઠો. લોકોમાં વાત ફેલાતાં બ્રહ્માને જોવા આખું નગર ઉમટ્યું. પણ સુલસાને જોઈ નહિ, બીજે દિવસે દક્ષિણ દિશામાં શંકરનું રૂપ લીધું તે વખતે પણ સર્વ લોકો શંકરના દર્શનાર્થે આવ્યા. પણ સુલસા આવી નહિ. ત્રીજે દિવસે પશ્ચિમના દરવાજા પાસે વિષ્ણુનું રૂપ કરી બેઠો. આખું નગર જોવા ગયું પણ સુલસા ગઈ નહિ. તેથી અંબડે તેને દૃઢ આસ્થા વાળી જાણી પછી તેણે વિચાર્યું કે જો હું જિનેશ્વરનું રૂપ બનાવીશ તો તે જરૂર વંદન કરવા આવશે.

એમ વિચારી ઉત્તર દિશાએ ઈન્દ્રજાલ વિદ્યાના પ્રભાવે સમોસરણ વિકુર્વી તેમાં જિનેશ્વર થઈ ધર્મદેશના આપવા લાગ્યો. નગરમાં વાત ફેલાણી કે પચીસમાં તીર્થંકર પધાર્યા છે. તેમને વંદન કરવા નગરના તમામ માણસો આવ્યા.

લોકોએ પણ સુલસાને કહ્યું કે તમારા તીર્થંકર આવ્યા છે. તેમને કેમ વંદન કરવા જતા નથી. તેણીએ કહ્યું કે મારા પ્રભુ તો ચોવીસમાં તીર્થંકર મહાવીર દેવ બીજે વિચરે છે. આ કોઈ ઈન્દ્ર જાલીક પોતાને પચીસમો તીર્થંકર

કહાવે છે. પણ એક આરામાં ચોવીસથી વધુ થતા નથી. જો સાચા તીર્થંકર હોય તો મારી રોમરાજી વિકસ્વર થયા વિના રહે નહિ. બીજે દિવસે અંબડ સ્વાભાવિક રૂપમાં બારવ્રત ધારી શ્રાવક પણામાં તેને ઘેર જતા સુલસા ઉઠીને સામે જાય છે. સાધર્મિક જાણી તેનો સારો આદર સત્કાર કર્યો. અંબડે કહ્યું કે,

મેં તમારા સમ્યકત્વની કસોટી કરવા ઘણા ઉપાય અજમાવી જોયા પરંતુ તમે દઢ રહ્યા. તેની મને ખાત્રી થઇ ચુકી છે. પ્રભુએ તમોને ધર્મલાભ કહેવડાવ્યા છે. તમે ધન્યવાદને પાત્ર છો. એમ કહી સુલસાની રજા માગી પોતાને સ્થાને ગયો. તે પછી તેમણે વીશ સ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. આ પ્રમાણે અંબડ પુત્ર કુરુબકે વિક્રમસિંહને ઉદ્દેશી છેવટે કહ્યું.

મારા પિતાએ રાજયપાટ ધન મિલકત વગેરે મને સોંપી તેઓ જિનધર્મની આરાધનામાં તલ્લીન થયા. છેવટે આરાધનાપૂર્વક અનશન કરી સુખે સમાધે કાળ કરી દેવલોકે ગયા. મારા પિતાની પાછળ તેમના વિરહથી દુઃખી થયેલ તેમની બત્રીશ સ્ત્રીઓ પણ અનશન કરી સમાધિપૂર્વક કાળધર્મ પામી વ્યંતરી રૂપે ઉત્પન્ન થઈ.

આજે પણ મોહને લીધે એ જ સ્ત્રીઓ પેલા ભંડારની આસપાસ સિંહાસન ઉપર પાંચાલિકા રૂપે ચોકી પહેરો કરે છે. મારા પાપ કર્મના યોગે મારૂં બધું રાજ્ય મારા શત્રુંઓએ પડાવી લીધું હોવાથી આજે હું નિર્ધન બની આપની પાસે આવ્યો છું. આ પહેલાં.

એક વખત પેલો ભંડાર ખોલવા હું ધ્યાન કુંડલી પાસે જઈને ઉભો રહ્યો અને સહેજ ઉઘાડવા લાગ્યો કે તેજ ક્ષણે મારી માતા ચંદ્રાવતીને પ્રત્યક્ષ રૂપે જોઈ મને તેના દર્શનથી ઘણી નવાઇ લાગી, મેં કહ્યું કે માતા ? તમે મૃત્યું પામેલાં અહિ કેવી રીતે આવ્યા, તેમણે કહ્યુ.

હે વત્સ? અમે બધી તારી માતાઓ મરીને વ્યતરી રૂપે અહિં ઉત્પન્ન ગયાં છીએ. તારા પિતાના દિવ્ય સિંહાસનને વિષે જ પાંચાલિકા રૂપે વસીએ છીએ. તારા ભાગ્યમાં લક્ષ્મી નથી તેથી તું આ ભંડાર ખોલવાની મહેનત કરીશ નહિ. તને સાચી સલાહ આપવા જ મારૂં આવવું થયું છે એમ કહી તે અદ્દશ્ય થઈ ગયાં. પછી માતાનું વચન માની મેં વિચાર કર્યો કે.

કોઈ ભાગ્યશાળી પુરૂષને મોખરે રાખી તેના પુણ્યથી જો કંઈ મળે તો મહેનત કરૂં, એમ વિચારી આપની પાસે મદદ માટે આવ્યો છું. પછી રાજા પોતે કુરૂબકને લઈ પેલો ધન ભંડાર લેવા યોગિનીની ધ્યાન કુંડલી પાસે આવ્યો. જેવો તે કુંડલી ખોલવા જાય છે. તેવો જ પૃથ્વીના પડમાંથી અવાજ આવ્યો.

હે રાજન ? તારે આ પરિશ્રમ લેવાની જરૂર નથી. તું ગમે તેટલી મહેનત કરીશ તો પણ આ ધન ભંડાર તને મળે તેમ નથી.

આ ભંડારનો ભોકતા વિક્રમાદિત્ય નામે રાજા થોડા જ વખતમાં ઉજ્જૈન નગરીમાં થશે. તે સિવાય બીજો કોઈ

આ ભંડારને હાથ લગાડી શકશે. નહિ. આ સાંભળી રાજા વિક્રમસિંહે તથા કુરૂભકે નિરાશ થઈ પ્રવત્ન કરવાનું માંડી વાળ્યું. પછી વિક્રમસિંહે કુરૂભકને સારૂં વર્ષાશન બાંધી આપી પોતાની પાસે રાખ્યો. તે રાજાના આશ્રયે કુરૂભક ઘણો સુખી થયો. કાળ ક્રમે તે રાજા પણ મૃત્યુ પામી દેવલોકે ગયો અને કુરૂભક પણ આયુષ્ય પુરૂં થયે મૃત્યુ પામી સ્વર્ગે ગયો.

વિક્રમાદિત્યે અગ્નિ વેતાલને વશ કર્યો હોવાથી તેણે અંબડનું દિવ્ય સિંહાસન અને સુવર્ણ પુરૂષ હાજર કર્યું અને હરિશ્ચંદ્રનો ધન ભંડાર પણ ભેટ કર્યો. વૈતાલની સહાયથી વિક્રમાદિત્યે કરજદારનાં કરજ ચુકવી પોતાનો સંવત્સર પ્રવર્તાવ્યો પર દુઃખ ભંજન તરીકે તેની કીર્તિ દશે દિશામાં ફેલાઇ, તે પણ મૃત્યુ પામી દેવલોકે ગયો. પણ તેનું નામ તો અગર થઈ ગયું છે.

## શ્રી વજ્રસ્વામિનું ચરિત્ર

આ જંબુદ્વીપના ભરતમાં અવંતી નામે દેશમાં તુંબવન નામે સન્નિવેસમાં ધનગિરિ નામે વ્યવહારી વસતો હતો. તેના માતા પિતા તેના માટે કન્યા શોધવા લાગ્યાં. જ્યારે અન્ય શ્રેષ્ઠીઓ કન્યા દેવા આવવા લાગ્યા ત્યારે ધનગિરિએ કહ્યું કે હું તો દીક્ષા લેવાનો છું. પરણીને ત્યજી દઉં તો પછી મને દોષ દેવો નહિ.

એક દિવસ ધનપાળ શેઠની પુત્રી સુનંદાએ કહ્યું કે

હું ધનગિરિ સિવાય કોઇને પરણીશ નહિ તેથી તેના માતા પિતાએ ધનગિરિ સાથે સુનંદાને પરણાવી. વખત જતાં સુનંદાને ધનગિરિથી ગર્ભ રહ્યો. જેણે અષ્ટાપદ પર્વત ઉપર ગૌતમ-સ્વામી પાસે પુંડરીક અધ્યયન સાંભળ્યું હતું. તિર્યગ્જૃંભક દેવનો જીવ ચ્યવીને સુનંદાની કુક્ષીમાં ઉત્પન્ન થયો પોતાની સ્ત્રીને ગર્ભવતિ જાણીને ધનગિરિએ કહ્યું કે તારા ગર્ભનું કલ્યાણ થાઓ હવે હું તારા ભાઈ આર્યસમિતે જેની પાસે દીક્ષા લીધી છે તે સિંહગિરિ ગુરુદેવ પાસે દીક્ષા લઇશ એમ કહી ત્યાં જઈ દીક્ષા લીધી. સંયમનું પાલણુ તીવ્ર તપશ્ચર્યા અને શાસ્ત્રભ્યાસ કરતા ગુરૂ સાથે સુખપૂર્વક વિહરવા લાગ્યાં.

આ તરફ સુનંદાએ શુભ દિવસે પુત્રને જન્મ આપ્યો. તેની સખીઓ કહેવા લાગી કે જો આ બાળકના પિતાએ દીક્ષા લીધી ન હોત તો તેનો જન્મોત્સવ સારી રીતે કરત.

આ વચન સાંભળતાં તે બાળકને જાતિ સ્મરણજ્ઞાન થયુ તેને પૂર્વ ભવ યાદ આવ્યો તેણે વિચાર્યું કે મારે દીક્ષા લેવી છે. પણ માને કંટાળો આપીશ તો જ તે મને છુટો કરશે તેથી રોવા લાગ્યો. તેની માતાએ તથા સખી-ઓએ છાનો રાખવા ઘણી ઘણી પ્રકારે મહેનત કરવા છતાં તે રોતો બંધ રહયો નહિ. એ પ્રમાણે છ મહીના વીતિ ગયા, છતાં રોતો અટક્યો નહિ ત્યારે કંટાળીને સુનંદા કહેવા લાગી કે જો આના પિતા અહિં આવે તો આ પુત્રને તેમને આપી દઉં તો જ મને સુખ થશે. અત્યારથી જ મને હેરાન કરે છે તો મોટો થઇને શું નહિ કરે ?

એવામાં એક દિવસે સિંહગિરિ આચાર્ય આર્યસમિતને ધનગિરિ વગેરે બહુ પરિવાર સાથે આ નગરમાં આવ્યા. શ્રાવકોએ મોટા ઓચ્છવપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો, આચાર્યે ધર્મનો ઉપદેશ આપ્યો. મધ્યાન્હે આર્યસમિત તથા ધનગિરિ મુની ગોચરી વહોરવા ગુરૂની આજ્ઞા માંગતા ગુરુએ જ્ઞાનથી જાણી કહ્યું કે આજે તમને મહાન લાભ થશે. માટે સચિત અચિત જે મળે તે લાવવું બન્ને સાધુઓ ગુરૂ આજ્ઞા પ્રમાણે પ્રયાણ કરી ફરતાં ફરતાં સુનંદાને ઘેર આવ્યા, સુનંદાએ વંદન કરી કહ્યું,

આ તમારો પુત્ર લઈ જાઓ? મને સુખે જંપીને બેસવા દેતો નથી. આખો દિવસ રોયા કરે છે. ધનગિરિને ગુરૂના વચન યાદ આવવાથી કહ્યું કે અમને આપ્યા પછી પાછો મળશે નહિ માટે બરાબર વિચાર કરીને આપો. સુનંદાએ કહ્યું.

વિચારતો સખીયો સાથે પુરે પુરો કરી તમારા આવવાની રાહ જોતી અત્યાર સુધી રહી હતી. હવે ફરી પાછો નહિ માગું. આ બાબતમાં મારી બધી સખીઓ સાક્ષીભૂત છે. એમ કહી સાધુના પાત્રામાં પુત્રને મુકયો. ધર્મલાભ આપીને મુનિ ઝોળીમાં પુત્રને લઈ ગુરૂ પાસે આવ્યા. પુત્રના ભારથી નમી ગએલા હાથ વાળા ધનગિરિને જોઈ ગુરૂએ કહયું કે આ બાળક વજ્ર જેવો ભારે હોવાથી તેનું વજ્રનામ થાઓ. પછી બાળકના સન્મુખ જોતાં તે હર્ષ પામ્યો એટલે તેનું પાલણ કરવા સાધ્વીઓને સોંપ્યો.

સાધ્વીઓએ શય્યાતરી શ્રાવીકાઓને સોંપ્યો. તેઓએ તેને સ્તન પાન વગેરેથી ઉછેરી મોટો કર્યો, ત્રણ વર્ષનો થતાં સાધ્વીજીઓ અગીયાર અંગનું પઠન પાઠન કરતી તે સાંભળવા માત્રથી તે શીખી ગયો ને સરખી વયના બાળકો સાથે રમવા લાગ્યો.

હવે સુનંદા પણ વંદન કરવાને બ્હાને આવી પુત્રને સ્તન પાન કરાવવા લાગી.

વજ્ર સ્વામીના મામા યોગસિદ્ધ આર્યસમિત વિહાર કરતા તાપસપુર પહોંચ્યા. ત્યાં કન્નાને પૂર્ણા નામે એ પ્રખ્યાત નદી હતી તેની વચ્ચે ઘણા તાપસો ભસ્મ લગાડી ત્યાં રહે છે. તેમાં એક તાપસ લેપ વાળી પાદુકા પહેરીને તેના તળીયાને જળનો સ્પર્શ થયા વિના નદી ઉતરતો હતો. તે કૌતુક જોવા ઘણા લોકો ત્યાં આવતાં અને તાપસની પ્રશંસા કરતાં હતાં.

જૈન મુનિઓમાં પણ આવો કોઈ પ્રભાવ ન જોવાથી તાપસ ભકતો તેમની હાંસી કરતાં તે વાત ત્યાંના શ્રાવકોએ આર્ય સમિત ગુરૂને કહી, ગુરુએ કહ્યું કે પગે લેપ લગાડીને નદી ઉતરવી એ કંઇ મહત્વની વાત નથી તમે તેને પારણાનું આમંત્રણ આપી ઘેર લાવી તેના પગ તથા પાદુકા ધોઇને તેની સાથે જજો અને નદી કેમ ઉતરે છે તે જોવાથી ખાત્રી થશે. શ્રાવકોએ ગુરૂના કહેવા પ્રમાણે પેલા તાપસની ભક્તિ કરી નદી પાસે આવ્યા. નદી ઉતરતાં તે ડુબી જવાથી તેની પોલ પકડાઈ જતાં લોકો તેની હાંસી કરવા

લાગ્યા. તે વખતે જૈન ધર્મનો પ્રભાવ બતાવવા આર્ય-સમિતસૂરીએ ત્યાં આવી નદી પ્રત્યે કહયું કે જો મારો તપ નિશ્ચળ હોય તો તારા બે ભાગ થઈ જાઓ અને મને જવાનો માર્ગ મળો, એટલું કહેતાં જ નદીએ રસ્તો કરી આપ્યો. આ ચમત્કાર જોઈ સર્વે તાપસો તેમના શિષ્ય બન્યા અને તાપસ ભકતો શ્રાવક બન્યા.

તેની બ્રહ્મદ્વીપીકા શાખા થઈ. ધનગિરિ વગેરે સાધુઓ વિહાર કરતા પોતાના વતનમા આવ્યા ત્યારે સુનંદાએ પુત્રને પાછો માગ્યો ધનગિરિએ કહયું કે તમે સર્વની સાક્ષીએ પુત્રને સોંપ્યો છે તેથી અમે વહોરી લીધેલો હોવાથી પાછો આપી શકતા નથી. સુનંદાને સંઘ વચ્ચે વાદ થતાં રાજા પાસે ગયા. રાજાએ કહ્યું, એ બાળક જેની પાસે જાય તેને સોંપવામાં આવશે.

સુનંદાએ કહ્યું કે પહેલાં હું બોલાવીશ કારણ કે તે સાધુના પરિચયમાં ઘણા વખતથી છે. રાજાએ હા પાડવાથી રાજસભામાં સુનંદા વિવિધ પ્રકારનાં ભોજન તથા રમકડાં લઈ જઈ પુત્રને લલચાવી બોલાવવા લાગી અને કાલાવાલા તથા દીનતા બતાવવા લાગી તે સાંભળી વજસ્વામી વિચારવા લાગ્યા કે માતા તીર્થ સ્વરૂપ છે પણ તે આ લોક પુરતા જ છે. વળી સ્વાર્થમય છે. જયારે સંઘ અને ગુરૂ તો આ લોકને પર લોકમાં પણ સુખ આપનાર છે. સંઘ પચીસમો તીર્થંકર ગણાય છે. સંઘની ભક્તિમાં માતા પિતાની ભક્તિ આવી જાય છે. જો હું માતાનું વચન માનું તો મારે અધો-

ગતિમાં જવું પડશે. માટે માતા પાસે ગયો નહિ. પછી ધનગિરિ સાધુએ રજોહરણુ બતાવી કહ્યું.

હે વજ્ર ? જો તેં ધર્મ ભજવાનો અધ્યવસાય કર્યો હોય તો કર્મરજને હણુનાર ધર્મધ્વજને શીઘ્ર ગ્રહણુ કર ? કર્મનો ઉચ્છેદ કરવામાં એક ધર્મ જ સમર્થ છે. આ સાંભળી વજ્ર રજોહરણુ લઈ નાચતો કુદતો પિતાના ખોળામાં જઈને બેઠો તે વખતે તે સમતા રૂપી અમૃત સરોવરના કમળ ઉપર બેઠેલા હંસની જેમ શોભવા લાગ્યો. માતા વિલખી બની ઘેર ગઈ. છેવટે તેણે પણુ સંસાર અસાર જાણી દીક્ષા લીધી.

૭ વર્ષની ઉમ્મર થતાં આચાર્યે વજ્રને દીક્ષા આપી વજ્રસ્વામિ નામ પાડયું. ગુરૂ સાથે વિહાર કરતાં જ્યારે આઠ વર્ષના વજ્રસ્વામી થયા તે વખતે અવંતી નગરી તરફ જતાં રસ્તામાં વરસાદ થવાથી સાધુઓ કોઇ યક્ષ મંડપમાં ઉતર્યા તે વખતે વજ્રસ્વામીની સત્તની પરીક્ષા કરવા.

તેમના પૂર્વ ભવના મિત્ર જીંભક દેવે સાર્થવાહનું રૂપ લઇ તંબૂ વસાવી ગુરૂ પાસે આવી વંદન કરી વહોરવા માટે આમંત્રણુ કરવા લાગ્યો. ગુરૂએ વજ્રસ્વામીને વહોરવા મોકલ્યા. રસ્તામાં દેવે પરિક્ષા કરવા સૂક્ષ્મ જળબિંદુ વિકુર્વ્યાં તે જોઈ વજ્રસ્વામી ઉભા રહ્યા દેવે તે સંહરી લેતાં તેની સાથે ચાલતાં તંબુમાં આવ્યા. સાર્થવાહે કોળાપાક વહોરવા માંડયો ત્યારે વજ્રસ્વામીએ વિચાર્યું

આ કાળે આ વસ્તુ બની શકે નહિ. વળી આના પગ જમીનને સ્પર્શ કરતા નથી નેત્રો મિંચાતાં નથી એમ દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવ વિચારતાં દેવપિંડ જાણી વહોર્યું નહિ. વજ્રસ્વામીના સત્વની પરીક્ષા થતાં દેવે પ્રગટ થઇ વૈક્રિય લબ્ધી આપી. ફરી બીજી વખત ઘેબરની ભીક્ષા વહોરાવતાં વજ્રસ્વામીએ દેવપિંડ જાણી લીધું નહિ તેથી દેવે પ્રગટ થઇ આકાશગામિની વિદ્યા આપી.

સ્થવીર સાધુઓ વજ્રસ્વામીને પાઠ ગોખવા કહેતાં પોતે ગંભીર હોવાથી નમ્રતાપૂર્વક સહન કરતાં પણ પોતાની શક્તિ બતાવતા નહિ.

એક વખત વજ્રસ્વામી ઉપાશ્રયમાં એકલા હોવાથી બધાની ઉપધિ ગોળાકારમાં ગોઠવી પોતે વચમાં બેસી મોટા સાદે અગ્યાર અંગની વાચના આપવા લાગ્યા એટલામાં ગુરુએ આવી તેમને વાચના આપતાં સાંભળી છીદ્રમાંથી જોતાં એકલા વજ્રસ્વામીને દીઠા. ગુરૂએ પણ ઉંચે સ્વરે નિસિહિ કહેતાં વજ્રસ્વામીએ ઉપધિઓ ઠેકાણે મુકી ગુરુને સામે જઇ ગુરુના ચરણે લાગેલી રજ સાફ કરી આશન પર બેસાડી પ્રાસુક જળથી બન્ને ચરણ ધોયા. ગુરૂએ તેને જ્ઞાનીને વિનયી જાણી.

વાચનાચાર્ય બનાવવા સારું એક વખત બધા સાધુઓને કહ્યું કે અમે બે ચાર દિવસ ગામડામાં જઇશું. સાધુઓએ સાથે આવવા કહેતાં ગુરુએ કહ્યું કે ગામડામાં બધા સાથે જવાથી આધાકર્માદિ દોષ લાગે ત્યારે સાધુઓએ

કહ્યું કે અમને વાચના કોણ આપશે? ગુરુએ કહ્યું કે વજ્ર-સ્વામી તમને વાચના આપશે. એમ કહી ગુરુ વિહાર કરી ગયા. સાધુએ ગુરૂનું વચન પ્રમાણે કરી વજ્રસ્વામી પાસે વાચના લેવા લાગ્યા. તેમાં તેમને ઘણો રસ પડવા લાગ્યો.

ગુરૂએ આવી વાચના બાબત પુછતાં સાધુઓએ કહ્યું કે અમોને તેમની વાચના બહુ ગમે છે. જાણે સરસ્વતી પોતે જ તેનું રૂપ લઈ આવ્યા હોય તેમ લાગે છે. પછી સાધુઓના આગ્રહથી વજ્રસ્વામી વાચનાચાર્ય બન્યા. ગુરુ સાથે વિહાર કરતાં દશપુર નગરે આવ્યા. ત્યાં ગુરૂએ વજ્રસ્વામીને કહ્યું.

અવંતી નગરીમાં દશપુર્વી ભદ્રગુપ્તસૂરિ રહે છે. હજુ સુધી કોઇએ દશ પૂર્વનો અભ્યાસ કર્યો નથી. માટે તું ત્યાં જઈ દશ પૂર્વનો અભ્યાસ કર. જેથી શાસન દેવતા તારૂં સાનિધ્ય કરશે. ગુરૂ વચન અંગીકાર કરી વજ્રસ્વામી બે સાધુઓ સાથે ઉજ્જૈન આવી ગામ બહાર રહ્યા. અહીં પ્રભાતે ભદ્રગુપ્ત આચાર્ય સ્વપ્ન જોઇ જાગીને શિષ્યોને કહ્યું કે આજે મેં એવું સ્વપ્ન જોયું કે મારા હાથથી કોઇ દુધનું ભરેલું પાત્ર લઇને પી ગયું ને તૃપ્તી થતાં હર્ષ પામ્યો આ સ્વપ્ન ઉપરથી એમ જણાય છે કે કોઇ મહાબુદ્ધિશાળી સાધુ આવીને મારી પાસે દશપૂર્વ ભણશે મારો પરિશ્રમ સફળ થશે.

આજનો દિવસ સફળ થશે એમ કહેતાં વજ્રસ્વામી

ત્યાં આવ્યા. તેની આકૃતિ જોતાં ભદ્રગુપ્તાચાર્યે નક્કી કર્યું કે રાત્રે સ્વપ્નમાં જોયેલ આ પુરૂષ જ છે. વજ્રસ્વામીએ ગુરૂને વંદન કર્યું. ગુરૂએ સુખશાતા પુછીને આવવાનું પ્રયોજન પુછતાં વજ્રસ્વામીએ કહ્યું કે મારે આપની પાસે દશ પૂર્વનો અભ્યાસ કરવો છે. ગુરૂએ યોગ્ય જાણી અભ્યાસ કરાવ્યો. થોડા જ કાળમાં વજ્રસ્વામી દશ પૂર્વી બન્યા. પછી ગુરૂની રજા લઇ.

દશાપુર આવ્યા ગુરૂને વંદન કર્યું. તેમના પૂર્વ-ભવના મિત્ર જીંભક દેવોએ દશપુર્વીનો મહોત્સવ કર્યો. ગુરૂએ આચાર્ય પદવી આપી. ત્યાર પછી સિંહગિરિ આચાર્ય અનશન કરી સ્વર્ગે ગયા વજ્રસ્વામી પાંચસે શિષ્યોના પરિવાર સાથે વિચરવા લાગ્યા. એ સમયે પાટલી પુત્ર નામે નગરમાં ધન નામે વણીકને રૂકમણી નામે અત્યંત રૂપવાન પુત્રી હતી. તે ધન શેઠની શાળામાં વજ્રસ્વામીની સાધ્વીઓ રહેતી હતી. તેની પાસેથી રૂક-મણીએ વજ્રસ્વામીની પ્રશંસા સાંભળી રાગવાળી બની સાધ્વીને કહેવા લાગી.

આ ભવમાં વજ્રસ્વામી મારા ભર્તાર થાઓ. સાધ્વીએ કહ્યું, અમારા ગુરૂ કંચન કામિનીના ત્યાગી છે તારો વિચાર બર આવશે નહિ. માટે એવો કદાગ્રહ મૂકી દે. રૂકમણીએ કહ્યું કે તેમ નહિ બને તો હું સંયમ લઇશ પણ બીજો ભર્તાર કરીશ નહિ. એવામાં વજ્રસ્વામી વિહાર કરતાં ત્યાં પધાર્યા રાજાએ મહોત્સવપૂર્વક નગર પ્રવેશ

કરાવ્યો. પછી વજસ્વામીને વંદન કરી ધર્મોપદેશ સાંભળ્યો. તેમના ગયા પછી રાજાની રાણીઓ પણ વંદન કરવા આવી. રૂકમણીને ખબર પડતાં તેણીએ પિતાને પોતાનો અભિગ્રહ જણાવ્યો તે જાણી ધનશેઠ તેણીને શણગારીને વજસ્વામી પાસે લઈ ગયો ને કહ્યું.

હું આપને કન્યાદાનની સાથે એક ક્રોડ રત્નો આપીશ તો આપ તેની સાથે લગ્ન કરી તેના મનોરથ પૂર્ણ કરો. વજસ્વામીએ કહ્યું કે ભોગ તે રોગ સમાન છે. ચિંતામણી રત્ન સમાન સંયમને ત્યજી કાંકરા સમાન વિષય સુખને કયો. બુદ્ધિમાન મનુષ્ય ઇચ્છે? તેને મારા પર ખરેખર પ્રિતિ હોય તો મારી જેમ સંયમ ગ્રહણ કરી પૂર્ણ સુખને પ્રાપ્ત કરે કે જે સુખ શાશ્વત ટકે, સંસારના સંયોગો વિયોગરુપ છે. સંસારનું સુખ અસ્થિર છે, સાચું નથી. પણ ઝાંઝવાનાં નીરની જેમ સુખાભાસ માત્ર છે. આવી રીતે ઉપદેશ આપી તેનો મોહજવર ઉતાર્યો. તેથી તેણીએ દીક્ષા લીધી. બીજા પણ ઘણા મનુષ્યોને પ્રતિબોધ આપી જૈન ધર્મી બનાવ્યા. ત્યાંથી વિહાર કરી ઉત્તર દીશા તરફ ગયા.

ત્યાં મોટો દુકાળ હોવાથી ક્ષુધાથી પીડાતા સંઘના લોકોએ આમાંથી ઉગરવાનો રસ્તો પુછતાં ગુરૂએ પોતાની વિદ્યાનાં પ્રભાવથી ચમરત્નથી મોટો પટ વિકુર્વી તેમાં સંઘને બેસાડી આકાશ માર્ગે મહાપુર નગરે સુકાળ હોવાથી

ત્યાં ઉતાર્યા. ત્યાંનો રાજા બૌદ્ધધર્મિ હોવાથી બૌદ્ધ લોકો સાથે સંઘને પરસ્પર વાદવિવાદ થવા લાગ્યો. એવામાં પર્યુષણ પર્વ આવતાં બૌધ લોકોએ રાજાને કહ્યું કે નગરના માળીઓ પાસેથી આપણા મંદીર માટે પુષ્પો મંગાવી લ્યો તો જૈન લોકોને તેમના વાર્ષિક પર્વમાં પુષ્પ નહિ મળવાથી તેમનો ગર્વ ઉતરશે. રાજાએ તે મુજબ કરતાં સંઘે વજસ્વામીને બધી વાત કહી.

પુષ્પ નહિ મળે તો પ્રભુ પૂજામાં કોઈને આનંદ આવશે નહિ. શાસનની શોભા ગણાશે નહિ. આપ સમર્થ છો. તીર્થપ્રભાવના કરવાનો અવસર છે. માટે કંઈપણ ઉપાય કરો. આવી સંઘની પ્રાર્થનાથી વજસ્વામી આકાશ ગામિની વિદ્યા વડે માહેશ્વરી સમીપના વનમાં ગયાં, ત્યાં પોતાના પિતા ધનગિરિનો મિત્ર તડિત નામનો માળી મળ્યો. તેણે આચાર્યને કહ્યું.

મારા લાયક કામ ફરમાવો "આજે આપના દર્શ-નથી હું કૃત કૃત્ય બન્યો છું. વજસ્વામીએ કહ્યું કે અમારે પૂજાને માટે પુષ્પોનો ખપ છે. આવતી કાલે વાર્ષિક પર્વ છે. તેથી જરૂર પડે તેમ છે. માળીએ વીશલાખ ફુલ આપ્યાં. કોઈ વળી એકવીશ ક્રોડ કહે છે. તે લઈને હિમવંત પર્વત પર ગયા. ત્યાંના શાશ્વત પ્રતિમાના વંદન કરી શ્રીદેવી પાસેથી મહાકમળ લઈ આગળ ચાલતાં હુંતાશન વનના અધિષ્ઠાતા દેવ પાસેથી પણ પુષ્પો લીધાં. તે બધાં

કરંડીઆઓમાં ભરી વિમાન મારફતે મહાપુર નગરે આવી પહોંચ્યાં. જેથી જિનમંદિરોમાં મહાન ઉત્સવ થયો અને બૌદ્ધ લોકો તેમને નમી પડયા. રાજા પણ બૌદ્ધ મટી જૈન ધર્મી થયો.

દશપુર નગરમાં સોમદેવ નામે બ્રાહ્મણને રુદ્રસોમા નામે જૈન ધર્મ પાળનારી પત્નિ હતી. તેને આર્યરક્ષિતને ફલ્ગુરક્ષિત નામે બે પુત્રો હતા. આર્યરક્ષિતે પિતા પાસેથી સર્વ વિદ્યા શીખી આગળ અભ્યાસ કરવા પાટલી પુત્ર નગરે ગયો. ત્યાં ચૌદ વિદ્યાભણી ઘેર આવ્યો ત્યારે રાજાએ હાથી પર બેસાડી તેને નગરમાં લાવી ઘણું સન્માન કર્યું. પછી માતાએ આશીર્વાદ આપ્યો પણ હર્ષ ન પામવાથી તેનું કારણ પુછતાં માતાએ કહ્યું.

તું નરકના હેતુભૂત કુવિદ્યા શીખી લાવ્યો તેમાં હર્ષ કેમ થાય? આર્યરક્ષિતે કહ્યું કે હું શું ભણું તો તું રાજી થઇશ. તેણીએ કહ્યું કે ઇક્ષુવનમાં તારા પિતાના મિત્ર તોસલી પુત્ર આચાર્ય પાસે દૃષ્ટિવાદ ભણી આવ તો હું રાજી થાઉં? આર્યરક્ષિત તરત જ ત્યાં ગયો. રસ્તામાં એક બ્રાહ્મણે શેરડીના સાડાનવ સાઠાં ભેટ કર્યા. તેથી તેણે ધાર્યું કે હું સાડા-નવપૂર્વ ભણીશ. ગુરૂ પાસે આવતાં વિધિના અજાણ એવા તેણે એક ઢઢર નામે શ્રાવકની પાછળ પાછળ જઈ તેના કરવા મુજબ વિધિપૂર્વક વંદન કરી બેઠો.

ગુરૂએ તેને પુછ્યું કે તારો ગુરૂ કોણ 'તેણે કહયું',

આ ઢઢર શ્રાવક જ મારા ગુરૂ છે. તેમના કરવાં મુજબ મેં આપને વંદન કર્યું છે. પછી તેની પાસેથી સર્વ વૃત્તાંત જાણી ગુરૂએ કહ્યું કે દ્રષ્ટિવાદતો દીક્ષા લીધા વિના ભણાય તેમ નથી. તેણે કહ્યું કે ભલે! આપ દીક્ષા આપો પછી ભણીશ.

ગુરુએ તેને યોગ્ય પાત્ર જાણી દીક્ષા આપી. દષ્ટિવાદ શિખવ્યું અને વધુ શીખવા વજ્રસ્વામી પાસે જવા કહ્યું. પછી તે મહાપુર નગરીએ થઇને ઉજ્જૈની નગરીમાં ભદ્રગુપ્તાચાર્ય પાસે ગયો. ગુરુએ તેને ઓળખીને કહ્યું કે તું બ્રાહ્મણ મટીને સાધુ થયો તે ઘણું સારૂ કર્યું છે. તું વજ્રસ્વામી પાસે ભણવા જાય છે તો ભલે ખુશીથી ત્યાં સારૂં ભણજે. પણ તેમની સાથે આહાર પાણી વાપરીશ નહિ જુદા ઉપાશ્રયે રહેજે કારણ કે જે વજ્રસ્વામી સાથે આહાર પાણી વાપરે છે. તે તેની જ સાથે અનશન આદરશે ગુરુનું વચન માન્ય કરી તથા તેમને નિર્યામણા કરાવીને વજ્રસ્વામી પાસે ગયો.

તે પહેલાં વજ્રસ્વામીને સ્વપ્ન આવેલ કે કોઇ માણસ મારી પાસેથી બહુ દુધ પી ગયો. ફક્ત થોડું જ બાકી રહ્યું તે વાત શિષ્યોને કહેતા હતાં તેવામાં જ આર્યરક્ષિત ગુરુ પાસે આવી નમન કરી બેઠો. તેનું આવવાનું કારણ પુછતાં તેણે કહ્યું કે ભદ્રગુપ્તાચાર્યે મને આપની પાસે દષ્ટિવાદ શીખવા મોકલ્યો છે. વજ્રસ્વામીએ તેને

દૃષ્ટિવાદ શીખવાનું શરૂ કર્યું તે જુદા ઉપાશ્રયે રહીને શીખતો હતો.

નવ પૂર્વ શિખ્યા પછી તેના પિતાનો સંદેશો આવ્યો કે તારા વિના અમે બહુ દુઃખી છીએ. માટે અહિં આવી અમને સુખી કર ? એટલે તે દશમું પૂર્વ ઉતાવળથી શીખવા લાગ્યો તેને આવતા વાર લાગવાથી તેનો નાનો ભાઈ ફલ્ગુરક્ષીત લેવા આવ્યો. આર્યરક્ષિતે કહયું કે તારે દીક્ષા લેવી ઉચિત છે તેના કહેવાથી ફલ્ગુરક્ષિ તેપણ દીક્ષા લીધી. પછી વજ્રસ્વામીને આર્યરક્ષિતે કહયું.

હવે દશમું પૂર્વ કેટલું બાકી છે. ગુરૂએ કહયું કે હજું તો તું બિન્દુ જેડલું ભણ્યો છું ને સાગર જેટલું બાકી છે. આર્યરક્ષિતે વિચાર્યું કે હું સાડા નવ પૂર્વથી વધારે ભણી શકું તેમ નથી. તેથી આચાર્યની પાસે જવા માટે રજા માગી. વજ્રસ્વામીએ તેને સૂરિપદ આપ્યું. પછી બન્ને ભાઈ ત્યાંથી નીકળી દશપુર નગરે આવ્યા. મહોત્સવપૂર્વક નગર પ્રવેશ કરી રાજા વગેરે સર્વેને ધર્મોપદેશ આપ્યો, તે ઉપરથી રાજા શ્રાવક બન્યો. આર્યરક્ષિતના પિતા સોમદેવે પણ બોધ પામી દીક્ષા લીધી. તેનું ચરિત્ર આગળ કહેવાશે.

હવે વજ્રસ્વામી વિહાર કરતાં દક્ષિણ દિશામાં ગયાં. ત્યાં એક વખત સળેખમ થતાં યતીઓના આગ્રહથી દવા લેવાનું શરૂ કર્યું. સુંઠનો ગાંગડો કાન પર મુકી સ્વાધ્યાય કરવા લાગ્યા. સાંજે પ્રતિક્રમણ કરતી વખતે મુહપતિ પડિ

લેહતાં સુંઠનો ગાંગડો કાનપરથી પડયો તે પ્રમાદ થવાથી પોતાનું આયુષ્ય સ્વલ્પ જાણી અનશન કરવાનો વિચાર કર્યો. તે વખતે બાર વર્ષનો દુષ્કાળ પડતાં પોતાના શિષ્યોને બીજે વિહાર કરવા આદેશ કરી દીધો. પણ પાંચસે શિષ્યો વજ્રસ્વામીની સાથે જ રહ્યાં.

વજ્રસેન મુનિ અને તેમનો શિષ્ય સોપારકપત્તન નામે નગરે ગયાં. એક બાળ સાધુને છેતરીને ગામમાં મુકી વજ્રસ્વામી પાંચસે શિષ્યો સાથે પર્વત ઉપર ગયા અનશન કરવા બાળ મુનિ પર્વતની નીચે રહી ચારે આહારનો ત્યાગ કરી અનશનપૂર્વક કાળકરી દેવલોકે ગયો. પાંચસો શિષ્યો પણ સ્વર્ગે ગયા તે પર્વત ઉપર કોઇ મિથ્યા દષ્ટિ દેવ વજ્રસ્વામીને ચલિત કરવા આવ્યો. પણ વજ્રસ્વામી મળ્યા નહિ. તે ક્ષેત્રમાં દેવની અપ્રીતિ જાણી બીજે સ્થળે જઈ ક્ષેત્ર દેવીનો કાઉસગ્ગ કર્યો ત્યાંથી કાળકારી તેઓ સવર્ગે ગયાં. ત્યાં ઈન્દ્રે આવીને તે પર્વતને પ્રદક્ષિણા આપી મુનિને વંદન કર્યું તેથી તે પર્વતનું નામ સ્થાવર્તગિરિ પડ્યું.

હવે સોપારક પત્તનમાં જિવદત્ત શેઠે અને તેની સ્ત્રીએ વજ્રસેન મુનિને આવતા જોઇ વંદન કર્યું. મુનિએ જિનદત્ત શેઠને ઝેર વાટતો જોઈ તેનું કારણ પુછતાં તેણે કહ્યું કે આ દુકાળમાં અમારી પાસે ઘણું ધન છે. પણ ખાવા માટે અન્ન રહ્યું નથી તેથી આજે લાખ

સોનૈયા ખરચી થોડું અન્ન લાવી તેમાં આ વિષે ભેળવીને ખાઇને અમે સૌ મૃત્યુ પામીશું. હવે જીવવાનો કોઈ ઉપાય નથી.

ગુરૂએ કહયું કે આવતી કાલે ધાન્યનાં ભરેલાં પુષ્કળ વહાણો આવી પહોચશે. માટે આવું કાઈ સાહસ કરશો નહિ. શેઠે કહયું કે આપનું વચન પ્રમાણ થાઓ ? જો આપનું વચન સાચું પડશે તો મારા ચારે પુત્રો આપની પાસે દીક્ષા લેશે. પ્રભાત થતાં સુકાળવાળા દેશમાંથી ઘણું અનાજ ભરેલાં વહાણો આવી પહોંચવાથી શેઠે કુટુંબ સહિત દીક્ષા ગ્રહણ કરી.

તેમના ચારે પુત્રો નાગેન્દ્ર અંદ્ર વિદ્યાધરને નિવૃત્તિ નામે આચાર્યો થયા પછી તે ચારે આચાર્યોની ચાર શાખા થઇ. આજ સુધી સોપારકપુરમાં શ્રી ઋષભદેવના મંદિરમાં તેમની મૂર્તિઓ જોવામા આવે છે. નિર્મળ ચરિત્ર પાળી તીવ્રતપશ્ચર્યા કરી તેઓ સર્વે દેવલોકે ગયા.

# શ્રી કયવન્ના શેઠનું ચરિત્ર

રાજગૃહ નગરમાં શ્રેણીક રાજા રાજ્ય કરતો હતો. ત્યાં ધનેશ્વર નામે શેઠને સુભદ્રા નામે સ્રીથી કયવન્ન (કૃતપુણ્ય) નામે પુત્ર થયો. તે સર્વ કળામાં કુશળ થતાં

તેના પિતાએ શ્રીદત્ત શેઠની ધન્યા નામે કન્યા સાથે પાણી ગ્રહણ કરાવ્યું. પણ તે સાધુઓની સંગતમાં રહેવાથી વિષયથી પરાંમુખ બનતો હોવાથી ગણિકાને ત્યાં મુકયો. કૃતપુણ્ય ગણિકા ઉપર આશકત થઈ જવાથી માતા પિતાને પણ ભુલી ગયો.

અનંગસેના ગણિકાને ત્યાં બાર વર્ષ સુધી રહયો. તેના માતા પિતા મૃત્યુ પામ્યાં ત્યાં સુધી તો દ્રવ્ય ગણિકાને ત્યાં આવતું હતું. પછી ગણિકાએ દાસીને દ્રવ્ય લેવા કૃતપુયને ઘેર મોકલી ત્યારે તેની સ્ત્રી ધન્યાએ કહયું કે મારા સાસુ-સસરાએ બધું ધન તમોને અત્યાર સુધી આપ્યું. તેઓ તો મૃત્યુ પામી ગયા. હવે મારી પાસે મારા પિતાનું આપેલ આભુષણ છે તે લઈ જા અને મારા પતિને હર્ષ પમાડ. દાસી આભુષણ લઈ કૃતપુણ્ય પાસે ગઈને ઘરની પિરિસ્થતિ જણાવી. કૃતપુણ્યે પણ ખિન્ન થઇને આભુષણ વેશ્યાને આપ્યું. દાસીના કહેવાથી અકકાએ જાણ્યું કે કૃતપુણ્યના ઘરમાં હવે કંઈ દ્રવ્ય રહમું નથી. કૃતપુણ્યને કાઢી મુકવો જોઈએ. તે વાત અંનગસેનાએ જાણી અકકાએ કહયું હે માતા ? એ ગુણવાન શેઠે આપણને બાર વર્ષ સુધીમાં ઘણું દ્રવ્ય આપ્યું છે તો હવે તેને કાઢી મુકવો વ્યાજબી નથી. અકકાએ કહયું કે આપણો એ કુલાચારજ છે કે દ્રવ્ય આપે ત્યાં સુધી સન્માન કરવું એમ કહી કૃતપુણ્યને કાઢી મુકયો. તે ઘેર જુએ છે તો તેનું ઘર પડી જવા જેવું હતું. સ્ત્રીએ

પતિને આવતા જોઈ જળનો કળશ લઇ સામે આવી. હર્ષથી હાથ પગ અને મુખ ધોઈ ઉત્તમ આસન પર બેસાડયો. ભોજન સામગ્રી તૈયાર કરવા માંડી તેટલામાં કૃતપુણ્યે સ્નાન કરી દેરાસરે જઈ પુષ્પથી પ્રભુની દ્રવ્ય પુજા તથા ભાવથી સ્તુતિ વગેરે કરી પાછો આવ્યો.

ભોજન કર્યા પછી તેની સ્ત્રીએ ઘરની બધી હકીકત જણાવી. તેથી તે બહુ શોક કરવા લાગ્યો. પણ સ્ત્રીએ કહયું કે જે બનવાનું હોય તે બને છે. માટે ગઈ ગુજરી વાત ભુલી જાઓ. પ્રિયાનાં વચનથી તેને ઘણો સંતોષ થયો પછી તે સુખે સમાધે ઘેર રહી. સ્ત્રીએ આપેલા દ્રવ્યથી દ્રવ્યોપાર્જન કરવા લાગ્યો. સ્ત્રીની સાથે સુખ ભોગવતાં તેણીને ગર્ભ રહયો. પછી કૃતપુણ્યે પ્રિયાને કહયું કે મુડી વિના દ્રવ્યો પાર્જન થવું મુશ્કેલ છે. ત્યારે સ્ત્રીએ કહયું કે મારી પાસે એક હજાર સોના મહોરો છે તે લઇને વ્યાપાર કરો. પછી તેનું કરીયાણું લઈ પરદેશ વેચવા પૂર્વ દીશા તરફ મોટા સંઘ સાથે જવા નકકી કર્યું.

રાત્રે ગામ બહાર દેવ મંદિરમાં શય્યા ઉપર સુવાડી ની સ્ત્રી ઘરે પાછી આવી. હવે તે જ નગરમાં મહા વ્યવાન ધનદ નામે શેઠને રૂપવતિ નામે સ્ત્રીથી જિનદત્ત મે પુત્ર થયો. ધનદ શેઠના મૃત્યુ પામ્યા પછી તેની સ્ત્રીએ જિનદત્તને ચાર શેઠીઆઓની કન્યા સાથે પરણાવ્યો. તેની ભોગ ભોગવતાં એકદા તે જિનદત્ત મરણ પામ્યો.

અપુત્રીયાનું ધન રાજા લઈ લેશે એવી બીકથી રૂપવતીએ ચારે પુત્રવધુઓને કહયું કે તમારે કોઈને પુત્ર નથી છતાં પણ તમારે રૂદન કરવું નહિ. તમારા પતિના શબને અહિયાં જ દાટી દઈશું. પછી તમો ગામ બહાર દેવમંદિમાં સંઘ પડયો છે ત્યાં જઈ ને કોઈ માણસ સુતુ હોય તેને ઉપાડી લાવો. જયાં સુધી તમને પુત્રની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેને પતિ તરીકે અંગીકાર કરી સુખે રહો.

સાસુના કહેવા મુજબ ચારે વહુઓએ પતિના શબને દાટીને દેવમદિરમાં જઈ સુતા એવા કૃતપુણ્યને ઉપાડી લાવી. કૃતપુણ્ય જાગ્યો ત્યારે સ્રીઓએ કહયું કે હે પતિ દેવ ? તમે ચીરકાળ જીવો. રૂપવતીએ પણ આવીને કહ્યું કે હે પુત્ર ? તારો જન્મ થતાં જ કોઇ પાપી તને ઉપાડી ગયું હતું. તારો મોટો ભાઈ હમણાં જ મૃત્યુ પામ્યો છે મને તારા આવવાથી હરખ ને તેના જવાથી શોક થાય છે; પંરતુ હવે તારા ભાઈની સ્રીઓ તારી સેવા કરશે માડે તું સુખેથી અહિંયાં રહે કૃતપુણ્યે વિચાર્યું. કે આ તે શું સ્વપન છે કે સાચું છે ? સ્વર્ગનું સુખ મળ્યું છે તે ભોગવી લેવા દે. એમ વિચારી તેણે માતાને કહયું.

હવે હું તારી આજ્ઞા દેવની જેમ માની અહીં જ રહીશ. હવે કૃતપુણ્ય ચારે સ્રીઓને ભોગવતી સુખે રહે છે. અનુક્રમે ચારે સ્રીઓને એકેક પુત્ર જન્મ્યો.

કૃતપુણ્યે પુત્રોનો જન્મોત્સવ ઉજવ્યો. બાર વર્ષ પછી રૂપવતીએ સ્ત્રીઓને કહ્યું કે તમોને ચારેને પુત્રો થયા છે હવે રાજા આપણું ધન લઈ શકશે નહિ. માટે તમારા પતિને તમે જ્યાંથી લાવ્યા હતા ત્યાં મુકી આવો. સ્ત્રીઓએ કહ્યું કે આપણા દ્રવ્યની રક્ષા કરનારને કેમ મુકી દેવાય ? રૂપવતીએ કહ્યું કે પુરુષનો વિશ્વાસ રખાય નહીં. કોઈ વખત આપણું ધન લઈ જાય તો પછી શું કરવું ? છેવટે સ્ત્રીઓએ ભાતા માટે ચાર લાડવા બનાવી તેમાં એકેક રત્ન મુક્યું ને કૃતપુણ્ય સુતો હતો ત્યારે તેના વસ્ત્રે બાંધી દાસીઓ પાસે ઉંપડાવીને દેવ-મંદિરમાં મુકી આવી.

બાર વર્ષ પહેલાં જે સંઘ ગયો હતો તે દૈવયોગે તે જ દિવસે પાછો આવી દેવમંદિરમાં ઉતર્યો હતો. સંઘ આવ્યો જાણી કૃતપુણ્યને લેવા તેની સ્ત્રી ધન્યા સામે આવી. તેણીએ પતિને ઓળખીને ઉઠાડયો. એટલે તે પત્નિ સાથે પોતાને ઘેર ગયો. ધન્યાએ ભક્તિપૂર્વક જમાડી પોતાના પુત્રને બતાવ્યો ને કહ્યું કે' પૂર્વ-પરદેશથી શું કમાણી કરી લાવ્યા. 'તેણે કહ્યું કે' ભવના પાપના ઉદયથી કંઈ કમાણી થઈ નથી. તેના વસ્ત્રે બાંધેલા ચાર મોદક કાઢીને થાળીમાં મુકયા. પુત્રે નિશાળે જતાં ખાવાનું માગ્યું ત્યારે માતાએ પેલા ચાર મોદકમાંથી એક લાડુ તેને આપ્યો.

રસ્તામાં લાડુ ભાંગતા તેમાંથી રત્ન નીકળ્યું. તે ચળકતો પત્થર જાણી લઈને પાટીમાં જવા કંદોઈને ત્યાં ગયો. તે રત્ન પાણીના વાસણમાં પડતાં પાણીના બે ભાગ થઈ ગયા. તે જોઈ કંદોઈએ વિચાર્યું કે આ જળકાંત મણિ લાગે છે તેથી છોકરાને બે લાડુ આપી રત્ન લઈ લીધું ને ઠેકાણે મુક્યું.

હવે એક દિવસ શ્રેણીક રાજાનો સેચનક હાથી ગંગા નદીમાં સ્નાન કરવા તથા પાણી પીવા આવેલો તેને કોઈ ગૂડે (જળ જંતુ) પકડયો તેથી હાથી નીકળી શકયો નહિ. શ્રેણીક રાજા અભયકુમારને લઈને ત્યાં ગયો. ઘણા ઉપાય કરવા છતાં હાથી નીકળ્યો નહિ ત્યારે અભયકુમારને વિચાર્યું કે એને કોઈ જળ જંતુએ પકડયો લાગે છે તે જો જળકાંતમણિ મળે તો તે પાણીના બે ભાગ કરે તેથી જળ જંતુ હાથીને છોડી પાણીમાં જતો રહે રાજાએ ભંડારમાંથી તેનો મણિ મંગાવ્યો. પણ મળ્યો નહિ ત્યારે નગર પડહો વજડાવ્યો કે જે મણી જળકાંત લાવશે તેને રાજા અર્ધ રાજય ને પોતાની પુત્રી પરણાવશે. તે પડહ કંદોઈએ સાંભળ્યો. તેથી જળકાંત મણી લઈ રાજા પાસે ગયો.

ઘણા લોકોના દેખતાં તે મણી હાથી પાસે ફેંકયો કે તુર્તજ પાણીના બે ભાગ થતાં જળજંતુ પાણીમાં ચાલ્યો ગયો. ને હાથી મુકત થયો. તેથી રાજાએ હર્ષ

પામી હાથી પર બેસીને તથા કંદોઈને ઘોડા પર બેસાડી મહોત્સવ સહિત નગરમાં લઇ ગયો. કંદોઈ મણી લઈ ને ઘેર ગયો. પછી અભય કુમારને એકાંતમાં બોલાવી રાજાએ કહયું કે કંદોઈ ને પુત્રી કેમ પરણાવાય ? અભયકુમારે કહયું કે આ રત્નના ખરા માલીકને શોધી તેને જ પરણાવીશું માટે આપ નિશ્ચિત રહો. પછી કંદોઈને રાજસભામાં બોલાવી અભયકુમારે પુછયું, આ રત્ન તમને કયાંથી મળયું હતું ? તેણે કહયું કે એ તો મારા ઘરમાં કુળક્રમથી આવેલું છે. પછી આ માર પડયા વિના સાચું બોલશે નહિ એમ વિચારી પ્રથમથી સંકેત કર્યા મુજબ સેવકોને કહયું.

આને અર્ધ રાજય તથા કન્યા આપો. એટલે સેવકોએ તેને એવા ફટકા માર્યા કે તે અડધો થઈ ગયો. પછી મરણના ભયથી સાચું બોલ્યો. એટલે રાજાએ અભયકુમારના કહેવાથી કૃતપુણ્ય શેઠને અર્ધ રાજય તથા મનોરમાં નામે પુત્રી પરણાવી. કદોઇને એક ગામ તથા એક કંદોઈની કન્યા પરણાવી વચનની સાર્થકતા કરી. હવે કૃતપુણ્ય તથા અભયકુમારને મૈત્રી થતા કૃતપુણ્યે પોતાની ચાર સ્ત્રીઓ તથા તેનાથી જન્મેલા ચાર પુત્રો સંબધી વાત કહી અને કહયું કે મને ઉંઘમાં કોઈ લઈ ગયું. ત્યાં દેવ જેવું સુખ બાર વર્ષ ભોગવ્યું. મહેલની બહાર પણ નિકળયો નહિ. બાર વર્ષે ફરી ઉંઘમાં કોઈ મુકી ગયું એટલે તે ઘરની પણ મને ખબર પડી નહિ.

અભયકુમારે કહ્યું કે તમારા પુત્રો તમને ઓળખે કે નહિ તેણે કહ્યું કે "જરૂર ઓળખે" વળી અભય-કુમારે કહ્યું કે તમારી સ્ત્રીઓને તમો ઓળખો કે નહિ. તેણે કહ્યું "જરૂર ઓળખું" પછી અભયકુમારે એક મોટો પ્રાસાદ બનાવી એક દરવાજાથી જવાયને બીજા દરવાજાથી નીકળાય તેવું કર્યું અને કૃતપુણ્ય જેવી જ યક્ષની મુર્તિ તેમાંગોઠવી પછીતેણે નગર પડહો વજડાવ્યો કે જે જે સ્ત્રી પોતાના બાળકોને લઈને પાંચ મોદક સહિત આવી આ યક્ષને નમન કરશે તેનું કુશળ થશે. નહિ કરે તેનું મૃત્યુ થશે. ચૌદશના દિવસે દરેકે આવી જવું.

હવે ચૌદશને દિવસે અભયકુમાર કૃતપુણ્યને સાથે લઈ પ્રાસાદ પાસે આવીને બેઠા. નગરની સ્ત્રીઓ બાળકો સાથે મોદકના થાળ લઈ આવી. એક બારણેથી પેસી યક્ષને મોદક ધરાવી બીજે બારણેથી નીકળવા લાગી. થોડીવારમાં પેલી વૃદ્ધ રૂપવતી સ્ત્રી પોતાની ચાર પુત્ર વધુઓ તથા તેના પુત્રોને લઇને યક્ષને વંદન કરવા આવી. એટલે કૃતપુણ્યે અભયકુમારને બતાવી યક્ષની પ્રતિમાં જોઇ પુત્રોએ પોતાના પિતા સમજી સૌ યક્ષને અડકવા લાગ્યાં ને મુછો પકડી ગેલ કરવા લાગ્યા. એટલામાં અભયકુમારે આવી કૃતપુણ્યને કહ્યું.

આ જ તમારી સ્ત્રીઓને પુત્રો છે ને? પછી તે સ્ત્રીઓની પાછળ સેવકોને મોકલી તેનું ઘર જોઇ લીધું. રાજાને કહીને તે સ્ત્રીઓ પુત્રો તથા લક્ષ્મી કૃતપુણ્યને

અપાવી પેલી અનંગસેના વેશ્યાને પણ તેડાવી. એમ કૃત-પુણ્યને કુલ સાત સ્ત્રીઓ થઈ.

એક વખત ભગવાન મહાવીર સ્વામી ભવ્ય જીવોને પ્રતિબોધતા વૈભારગિરિ પર પધાર્યા. તે વખતે શ્રેણીક રાજા અભયકુમાર કૃતપુણ્ય વગેરે પરિવાર સહિત વંદન કરવા આવ્યો. પ્રભુએ દેશના આપી કહયું કે ધર્મ ધનની ઇચ્છાવાળાઓને ધન આપે છે, કામની ઇચ્છા વાળાઓને કામ આપે છે. પુત્રની ઇચ્છાવાળાને પુત્ર આપે છે, જેની જે ઇચ્છા હોય તે આપે છે છેવટે સ્વર્ગ પણ ધર્મ જ આપે છે. પણ મોક્ષને માટે ધર્મ કરવો.

દેશના પુરી થતાં કૃતપુણ્ય શેઠે પ્રભુને અંજલિ જોડી પુછયું કે મેં પૂર્વ ભવમાં કેવા કર્મ કર્યા કે મને વચ્ચે વચ્ચે સુખ ને દુઃખ પ્રાપ્ત થયાં. પ્રભુએ કહયું કે તું પૂર્વે શ્રી પુરનગરમાં ગોવાળ હતો. તારી દુઃખી સ્થિતિમાં પર્વને દિવસે દરેકને ત્યાં ખીર થતી જોઈ તારી માતા પાસે તેં ખીર માંગી માતાએ રોતારોતાં કહયું કે આપણી પાસે કાંઇ જ નથી તેથી તું પણ રોવા લાગ્યો. તને રોતો જોઇ પાડોશણોને દયા આવવાથી ચોખા, દુધ, સાકર લાવી આપ્યાં તારી માતાએ ખીર રાંધી તને પીરસીને તે પડોશીને ઘેર ગઈ તેવામાં કોઇ એ સાધુ માસખમણને પારણે તારે ત્યાં આવ્યાં. તને ઘણો હર્ષ થયો તેં શુભ ભાવથી મુનિને એક ભાગની ખીર વહોરાવી. પછી વિચાર

થયો આટલી ખીરથી શું થશે ? એટલે બીજા ભાગની ખીર વહોરાવી. વળી વિચાર કરીને ત્રીજા ભાગની પણ વહેરાવી. સાધુઓ વહોરીને ગયા પછી તારી માતા આવી અને બાકીની ખીર તને પીરસી. ત્યાંથી મૃત્યુ પામીને તું કૃતપુણ્ય શેઠ થયો છું. તેં ત્રણ વખત વિભાગ કરીને થોડું થોડું દાન દીધું તેથી આંતરે આંતરે ત્રણવાર સુખ મળ્યું.

પ્રભુએ કહેલો પોતાનો પૂર્વ ભવ સાંભળી કૃતપુણ્ય શેઠ વૈરાગ્ય પામ્યો. પોતાના મોટા પુત્રને ઘરછો ભાર સોંપી સાત ક્ષેત્રમાં ધન વાપરી ભગવાન પાસે જઈ દીક્ષા લીધી. સંયમ પાળી દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવીને અનુક્રમે તેઓ મોક્ષના અનંત સુખને પામશે.

# છપાયેલ પુસ્તકોની યાદી

૧ કલ્યાણક સ્તવન ટોડર

૨ ૨૭ ઋષભદેવ ચરિત્ર

૩ ૨૮ શાન્તિનાથ ચરિત્ર

૪ ૨૯ નેમિનાથ ચરિત્ર

૫ ૩૦ પાર્શ્વનાથ ચરિત્ર

૬ ૩૧ મહાવીર ચરિત્ર

૭ ૩૨ ૭૦ જૈન રામાયણ

૮ ૪૮ ૭૮ ૧૧૧ ચેઈયથયથુઈ. સજ્ઝાયમાળા ભા. ૧, થી ૪

૯ શુકરાજાની કથા

૧૦ સમકિતના સડસઠ બોલની સજ્ઝાય અર્થ સાથે

૧૧ અકલંકવિજયનું જીવન ચરિત્ર

૭૬ અકલંક આત્મકથા

૧૨ કુમારપાળ ચરિત્ર

૧૩ ભક્તામર અર્થ કથા સહિત

૧૪ ૧૮ ૫૦ ૭ કર્મગ્રંથસાર

૧૫ ૧૩૫ નળ દમયંતી ચરિત્ર

૧૬ પ્રકરણ ભાષ્યસાર

૧૭ જૈનકથાઓ ભા. ૧ થી ૩૦
૧૯ ૨૫ ૩૭ ૪૧ થી ૪૭ ૫૨
૬૪ ૬૫ ૬૬ ૭૯ ૮૦ ૮૮ ૮૯
૯૦ ૯૯ ૧૦૪ ૧૦૭ ૧૦૮
૧૧૩ ૧૨૩ ૧૨૭ થી ૧૩૦

૨૦ ૪૯ ૧૧૦ સજ્ઝાયમાળા

૨૧ ભોગોપભોગ વિરમણવ્રત

૨૨ કુવલય માળા કથા

૨૩ સામાયિક પ્રતિક્રમણ ને અષ્ટકર્મ ઉપરની કથાઓ

૨૪ તિલકમંજરી

૨૬ વૈરાગ્યનું અમૃત સમરાદિત્ય ચરિત્ર

૩૩ ભક્તિમુક્તિ પર્યુષણપર્વમા…

૩૪ ૫૪ ભૂર્ભુવઃ સ્વ૦ભા. ૧ ૨

૩૫ શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર

૩૬ વીશસ્થાનકની કથાઓ

૩૮ મયણા શ્રીપાળ

૩૯ નેમિ વિવાહલો

૪૦ મહાબળ મલયાસુંદરી

૫૧ જૈન દર્શન ને શ્રાવકદિન કૃત્ય

૫૩ ચેઈયથયથુઈ સંગ્રહ

૫૫ જૈનકથાઓ અને સુબોધ કથાઓ

૫૬ સુબોધ કથાઓ અને જૈન દર્શન

૫૭ અહદસંગ્રહણી સાર્થ

૫૮ ૬૯ ૮૩ જૈન ધર્મ પ્રવેશક ભા. ૧ ૨ ૩

૫૯ ૬૦ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભા. ૧ ૨

## અકલંક ગ્રંથમાળાના પ્રકાશન અંગેનો અભિપ્રાય :

સમગ્ર જૈન સમાજના ઉરધબકારસમા પ્રકાશનોનું પ્રકાશન ‘અકલંક ગ્રંથમાળા’ના પ્રકાશનના પરિપાકરૂપે પૂ. વર્ધમાન તપોનિધિ પ્રાત : સ્મરણીય શ્રી અકલંક વિજયજી મ. સા. ના પ્રકાશનોમાં આલેખાયેલ કથાઓ, સ્તુતિઓ, અનુવાદો વગેરે સમગ્ર જૈનસમાજ તથા સમગ્ર જનસમાજને માટે ઉપયોગી જ નહીં, પણ અનિવાર્ય અને આશીર્વાદરૂપ છે. આ પ્રકાશનો માનવમાત્રને સંસાર સાગરમાં જીવનનાવ-સરળતાપૂર્વક-સફળતાપૂર્વક પાર કરાવવા અંગે પથપ્રદર્શક બની રહેશે તે એક નિ:શંક હકીકત છે.

“અકલંક ગ્રંથમાળા”ના પ્રકાશનો અબાલવૃદ્ધો-સૌને માટે મનોગમ્ય અને હૃદયગમ્ય છે. આ પ્રકાશનોમાં આલેખાયેલા આલેખનો મનભર અને મદભર છે અકલંક ગ્રંથમાળાના પૂ. વર્ધમાન તપોનિધિ શ્રી અકંલક વિજયજી મ.સા.ના અથાગ પરિશ્રમના પરિપાકરૂપે આ પ્રકાશનો દેદિપ્યમાન બની રહે તેવી સૃષ્ટિના સર્જનહારને અભ્યર્થના !

“સદા શુભં ભવતુ”

જવાહર વર્ધમાન તપોનિધિ શ્રી અકંલક વિજયજી ઉપાધ્યાય
(મહુધાવા પરિશ્રમના પરિપાકરૂપે આ પ્રકાશ એમ. એ.;
એમ.એ. રહે તેવી સૃષ્ટિના સર્જનહારને અભ્ય એલ. એલ. બી;
ડી. એ “સદા શુભં ભવતુ” એલ એસ. જી. ડી.
એડવોકેટ ...કુમાર શાંતિ... (અમદાવાદ)

| | |
|---|---|
| ૪૮ અરિહંતનગર, | ૧૬, રોહીણી સોસાયટી, |
| આઇ. ઓસી. ડેપો પાસે, | ભુદરપુર, સી. એન. |
| ‘ડી’ કેબીન પાસે, | વિદ્યાવિહાર પાસે, |
| અમદાવાદ-૧૯ | આંબાવાડી, અમદાવાદ-૧૫ |

મુદ્રક : સાધના પ્રિન્ટરી ઘી કાંટા રોડ, અમદાવાદ.-૧ ફો. ૩૮૪૫૦૨
NANDADEEP PUNE - 30 2144